શનિવાર

તા.૦૩/૧૦/૨૦૨૬

PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-183 | Editor - Gajera Divya | Date: 03 October-2026 Saturday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

# ગુજરાતમાં UCC લાગૂ

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આપી મંજૂરી

**નવી દિલ્હી,** ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા સમાન નાગરિક સંહિતા (UCC) વિધેયકને રાષ્ટ્રપતિ તરફથી મંજૂરી મળી ગઈ છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં જ રાજ્ય સરકાર દ્વારા આ અંગેનું ગેઝેટ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભામાં ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ આ મહત્વકાંક્ષી UCC વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. આ નવા કાયદા હેઠળ રાજ્યમાં લગ્ન અને છૂટાછેડા માટે સમાન કાયદાકીય જોગવાઈઓ અમલી બનશે, જ્યારે આદિવાસી સમુદાયને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.




**સંપત્તિ-વારસાઈમાં હવે મહિલાઓને સમાન હક: આ કાયદાથી મહિલાઓને સંપત્તિમાં સમાન હક મળશે : ST સમુદાયને મુક્તિ અપાઈ લગ્નની ફરજિયાત નોંધણી અને લીવ-ઈન રિલેશનશિપ માટે કડક નિયમો બનાવાયા**

આ કાયદાથી સંપત્તિ અને ઉત્તરાધિકારના અધિકારોમાં મહિલાઓને પુરુષો સમાન હક મળશે. મિલકતમાં પુત્ર અને પુત્રી બંનેને સમાન વારસાગત અધિકાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજ્યમાં લિવ-ઈન રિલેશનશિપ માટે નોંધણી કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને પણ પિતાની મિલકતમાં કાયદાકીય હક પ્રાપ્ત થશે.

તમને જણાવી દઈએ કે, ૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભામાં UCC બિલ ૨૦૨૬ પસાર થયું હતું. ઉત્તરાખંડ બાદ ગુજરાત સમાન નાગરિક સંહિતા બિલ પસાર કરનારું દેશનું બીજું રાજ્ય બની ગયું હતું. જોકે, તે સમયે વિપક્ષ કોંગ્રેસે આ બિલનો સખત વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે બિલના પ્રથમ વાંચન બાદ તેને વધુ વિચારણા માટે પ્રવર સમિતિ ને મોકલવાની માંગણી કરી હતી. પરંતુ, આ માંગણીનો અસ્વીકાર થતાં ગૃહમાં હાજર કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું હતું. બિલ પસાર થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભામાં નિવેદન આપતા જણાવ્યું હતું કે આ કાયદો રાજ્યની દીકરીઓ અને મહિલાઓના રક્ષણ માટે અત્યંત જરૂરી છે અને આ દિવસ ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

UCC વિધેયક પરની ચર્ચાના અંતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યંત ભાવનાત્મક રીતે ગૃહને સંબોધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "મને બધા દાદા-દાદા કહીને બોલાવે છે. ત્યારે મારા રાજ્યની તમામ દીકરીઓ, બહેનો અને માતાઓની કાળજી રાખવી એ મારી નૈતિક ફરજ છે. તમામ દીકરીઓ અને માતાઓના રક્ષણ માટે મારે કાયદાનો ડંડો ઉગામવો જ પડે, અને મેં એ જ કર્યું." તેમણે સ્પષ્ટ કર્યું કે આ બિલ તુષ્ટિકરણની રાજનીતિ માટે નથી, પરંતુ સમાજમાં સમાનતા લાવવા માટે છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત સમાન અધિકાર સંહિતાનો ઉદ્દેશ્ય કોઈના અધિકારો છીનવવાનો કે કોઈની ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ મારવાનો જરાય નથી. આ કાયદો માત્ર કાનૂની ભેદભાવ દૂર કરવા માટે છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ બિલ કોઈ પણ રીતે બંધારણની વિરુદ્ધ નથી, પરંતુ તે બંધારણનું પૂરક છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી કે આ બિલ લિવ-ઈન રિલેશનશિપને પ્રોત્સાહિત કરતું નથી, પરંતુ બદલાતા સમયમાં 'શ્રદ્ધા વાલકર' જેવી ભયાનક ઘટનાઓથી દીકરીઓને બચાવવા માટે લિવ-ઈનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ કાનૂની સુરક્ષા માટે છે.



# ભારતીય મહિલા હોકી ટીમે એશિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યો

### ચીનને હરાવી ૪૪ વર્ષ બાદ જીત્યો ગોલ્ડ : એશિયન ગેમ્સનો ફાઈનલ મુકાબલો ભારત અને ચીનની મહિલા હોકી ટીમો વચ્ચે રમાયો હતો : ભારતીય ટીમે ફાઈનલ મેચમાં ચીનને ૧-૦ થી હરાવ્યું

**નવી દિલ્હી,** એશિયન ગેમ્સ ૨૦૨૬ નો આજે ૨ ઓક્ટોબરના રોજ ૧૩મો દિવસ છે. ભારતીય વુમન્સ હોકી ટીમે એશિયન ગેમ્સમાં ૪૪ વર્ષ પછી ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ટીમે ફાઈનલમાં ચીનને ૧-૦ થી હરાવ્યું છે. ભારત માટે એકમાત્ર ગોલ લાલરેમસિયામીએ કર્યો. આ પહેલાં ભારતે ૧૯૮૨માં સાઉથ કોરિયાને હરાવીને ગોલ્ડ જીત્યો હતો. આજની જીત સાથે જ ભારતીય વુમન્સ હોકી ટીમ ઓલિમ્પિક ૨૦૨૮ માટે ડાયરેક્ટ ક્વોલિફાય થઈ ગઈ છે. આજે ભારતીય ખેલાડીઓ બોક્સિંગ, તીરંદાજી, વોલીબોલ, સેલિંગ, કેનો સ્લેલમ, હોકી, કુશ્તી, સેપક ટકરા, રગ્બી સેવન્સ, ગોલ્ફ, તાએકવોન્ડો અને સાયકલિંગની સ્પર્ધાઓમાં પોતાનું દમખમ બતાવી રહ્યા છે. એશિયન ગેમ્સના ૧૩મા દિવસે ભારત માટે બોક્સિંગ, હોકી, આર્ચરી અને કુશ્તીમાં મેડલ્સનો વરસાદ થઈ રહ્યો છે. ભારતે શાનદાર પ્રદર્શન કરીને મેડલ ટેલીમાં આગળ વધવાનો પ્રયાસ કર્યો છે.

આ અગાઉ એશિયન ગેમ્સના ૧૨મા દિવસે એટલે કે ૧ ઓક્ટોબરે ભારતના ખાતામાં ૬ મેડલ આવ્યા હતા, જેમાં બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ સામેલ હતા. રેસલર નિતેશ સિવાચે મેન્સ ૮૭ કિલોગ્રામ ગ્રીકો-રોમન કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે પ્રિન્સ નોબલ અને મનુ ફ્રાન્સિસની જોડીએ સેલિંગ (સ્કિફ ઈવેન્ટ)માં રજત પદક મેળવ્યો હતો. સ્ક્વોશમાં ભારતની મહિલા અને પુરુષ ટીમોએ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ સિવાય મહિલા સેલિંગ અને તીરંદાજીની કમ્પાઉન્ડ ઈન્ડિવિજ્યુઅલ સ્પર્ધામાં પણ એક-એક બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

### પીએમ મોદી સાથે વાત કરતાં-કરતાં રડી પડ્યા કેપ્ટન સ્મિત મચ્છર

# મને હનુમાનજીએ બચાવ્યો હતો : કેપ્ટન સ્મિત મચ્છર

**નવી દિલ્હી, તા.૨**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્લાય દુબઈ ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વીડિયો કોલ પર વાત કરી. આ દરમિયાન કેપ્ટન સ્મિતે બુધવારે બનેલી સમગ્ર ઘટના વડાપ્રધાન મોદીને જણાવી. આ ઘટના દરમિયાન તેમને હિંમત કેવી રીતે મળી તેના વિશે પણ જાણકારી આપી.



કેપ્ટન સ્મિતની વાત સાંભળ્યા બાદ PM મોદીએ તેમની બહાદુરીને બિરદાવી અને તેમના જલ્દી સ્વસ્થ થવાની કામના કરી. નોંધનીય છે કે, સ્મિત મચ્છરની અત્યારે અબુ ધાબીની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે, "આખો દેશ તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. મંદિરોમાં જાપ ચાલી રહ્યા છે. તમારી હિંમતે અને તમારા ધૈર્યે ઘણા લોકોના જીવ બચાવ્યા છે. આજે આખો દેશ ગર્વથી કહી શકે કે અમે હિન્દુસ્તાની જીવ લેનાર લોકો નથી, અમે જીવ બચાવનાર લોકો છીએ. તમે તમારા જીવની ચિંતા કર્યા વગર મુસાફરોની જીવની ચિંતા કરી અને સૌથી મોટી વાત તમે ૧૪૦ કરોડ દેશવાસીઓનું તમે માન વધાર્યું. એટલે હું હૃદયથી ગર્વ અનુભવી રહ્યો છું. ગઈકાલે મને મેં ભૂપેન્દ્રભાઈ સાથે વાત કરી, ગીતાબેન સાથે વાત કરી અને સોનલબેન સાથે વાત કરી."

આ પછી કેપ્ટન સ્મિતે બુધવારે બનેલી ઘટના પીએમ મોદીને જણાવી. તેમણે કહ્યું કે, "જ્યારે આ ઘટના બની, ત્યારે મને અહેસાસ થયો કે હું અત્યારે કંઈ નહીં કરું તો મુસાફરોના જીવ જતા રહેશે. હું ૧૭ વર્ષથી વિમાન ઉડાડી રહ્યો છું, ૧૧ વર્ષથી હું કેપ્ટન છું. મને આંખ બંધ કરીને પણ ખબર પડે છે કે વિમાનમાં શું થઈ રહ્યું છે. જ્યારે હું નીચે પડેલો હતો, ત્યારે મને અહેસાસ થઈ રહ્યો હતો કે વિમાન નીચે જઈ રહ્યું છે. જે બાદ મેં દરવાજો ખોલી નાખ્યો અને પછી બધા લોકો આવી ગયા. બાકી લોકોએ પણ ઘણી હિંમત દાખવી છે."

કેપ્ટન સ્મિતે કહ્યું કે, "જ્યારે પણ સંકટ જેવું કંઈ લાગે ત્યારે હું માત્ર હનુમાન ચાલીસા બોલું છું. તે સમયે પણ હું હનુમાન ચાલીસા બોલી રહ્યો હતો. મને ખબર છે કે ભગવાને જ મને બચાવ્યો છે. તમારો ફોન આવ્યો, મને ગર્વ થઈ રહ્યો છે. આટલું કહીને કેપ્ટન રડી પડ્યા.

# પેરિસના એફિલ ટાવર વિવાદમાં BAPS સંસ્થાને મોટી રાહત

**નવી દિલ્હી, તા.૨**

તાજેતરમાં પેરિસમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) મંદિરના ઉદ્ઘાટન પ્રસંગે વિશ્વ પ્રસિદ્ધ એફિલ ટાવરની મુલાકાત સમયે કથિત રીતે મહિલા સ્ટાફને દૂર રાખવાની માગણી મુદ્દે ભારે વિવાદ સર્જાયો હતો. જો કે આ અંગે થયેલી તપાસમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. તપાસમાં BAPS ને ક્લિનચીટ મળી ગઈ છે, તપાસમાં જાણવા મળ્યું છે કે BAPS તરફથી મહિલા સ્ટાફને હટાવવા જેવી કોઈ માંગ કરવામાં નહોતી આવી.આ વિવાદ ગયા મહિને શરૂ થયો હતો, જ્યારે BAPS સ્વામિનારાયણ સંસ્થાના ૧૦૦ જેટલા સંતોની એફિલ ટાવરની મુલાકાત દરમિયાન મહિલા સ્ટાફને ત્યાંથી હટાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ મહિલા કર્મચારીઓએ હડતાળ પાડી દીધી હતી.

# મહાત્મા ગાંધીની ૧૫૭મી અને શાસ્ત્રીજીની ૧૨૨મી જન્મજયંતિ

**નવી દિલ્હી,** નરેન્દ્ર મોદીએ આજે ગાંધી જયંતિના અવસરે નવી દિલ્હીના રાજઘાટ પહોંચીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે રાજઘાટ ખાતે સર્વધર્મ પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડાપ્રધાન મોદી સહિત અનેક મહાનુભાવોએ ભાગ લીધો હતો.

વડાપ્રધાન મોદીએ મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગાંધીજીના સત્ય, અહિંસા, શાંતિ અને સેવા જેવા મૂલ્યોને યાદ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ PM મોદી વિજય ઘાટ પહોંચ્યા હતા અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતિ પર નમન કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ રાજઘાટ ખાતે બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે દુનિયાના અનેક ભાગોમાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષ વચ્ચે મહાત્મા ગાંધીનો શાંતિ અને અહિંસાનો સંદેશ આજે વધુ પ્રાસંગિક બન્યો છે.

ગાંધી જયંતિ ભારત માટે મહત્વનો રાષ્ટ્રીય દિવસ છે. દર વર્ષે ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રાજઘાટ ખાતે યોજાતી પ્રાર્થના સભા દરમિયાન સર્વધર્મ પ્રાર્થનાઓ દ્વારા ગાંધીજીના વિચારો અને જીવનમૂલ્યોને યાદ કરવામાં આવે છે.




# જ્ઞાનેશ કુમારના રાજીનામાંની માંગ તેજ છતાં ચૂંટણી પંચનું ડેમેજ કંટ્રોલ

**નવી દિલ્હી, તા.૨**

ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને (CEOs) એક મહત્ત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે. જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અથવા ચાલી રહી છે, ત્યાંના અધિકારીઓને પૂર્વ-એસઆઈઆર મતદાર યાદીઓની વર્તમાન યાદી સાથે સરખામણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે જે યોગ્ય મતદારોના નામ યાદીમાંથી છૂટી ગયા છે, તેમને આગામી એક મહિનાની અંદર ફરીથી યાદીમાં સામેલ કરવામાં આવે.

**SIR પ્રક્રિયા પૂર્ણ થયેલા રાજ્યોમાં મતદાર યાદીઓની સરખામણી કરી, છૂટી ગયેલા પાત્ર મતદારોને એક મહિનામાં યાદીમાં સામેલ કરવા જણાવાયું**

આ અભિયાન હેઠળ તમામ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) એવા મતદારોની યાદી તૈયાર કરશે જેના નામ યાદીમાંથી રહી ગયા છે. આ યાદી તૈયાર કર્યા બાદ બીએલઓ ઘર-ઘર જઈને સંબંધિત નાગરિકોની વર્તમાન સ્થિતિની ચકાસણી કરશે. જો સંબંધિત વ્યક્તિ મતદાર બનવા માટે પાત્ર જણાશે, તો ફોર્મ ૬ ભરાવીને તેમનું નામ મતદાર યાદીમાં જોડવાની પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં આવશે.

ચૂંટણી પંચના પત્ર અનુસાર, BLOs દર અઠવાડિયે ઓછામાં ઓછા ૨૦થી ૨૫ મતદારોના ઘરોને આવરી લેશે, જેથી આ સમગ્ર પ્રક્રિયા એક મહિનાની અંદર સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકે. આ સાથે જ નાગરિકો સરળતાથી અરજી કરી શકે તે માટે બૂથ લેવલ કેમ્પ્સનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, નાઈટ શેલ્ટર, મજૂર વસાહતો તેમજ બેઘર અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે પણ વિશેષ શિબિરો યોજવામાં આવશે જેથી કોઈ પાત્ર મતદાર વંચિત ન રહે. ઉલ્લેખનીય છે કે જે રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યાં અત્યાર સુધીમાં મતદાર યાદીમાંથી આશરે ૧૩.૩ કરોડ નામો કમી કરવામાં આવ્યા છે.

E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Saturday,03 September-2026
શનિવાર, તા.૦૩/૦૯/૨૦૨૬

# MTB કોલેજ બહાર વિરોધ પ્રદર્શન કરતાં NSUI કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત





## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર; SIR પ્રક્રિયામાં ૫ કરોડથી વધુ મતદારોનાં નામ ડિલીટ કર્યાનો NSUIનો આક્ષેપ

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતમાં લોકશાહીના રક્ષણ અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત પક્ષપાતના મુદ્દે NSUI દ્વારા શહેરની એમ.ટી.બી. કોલેજ બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. NSUIના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી તેમના રાજીનામાની માંગ કરી હતી. વિરોધ દરમિયાન પોલીસે હસ્તક્ષેપ કરીને પ્રદર્શનકારીઓને ટીંગાટોળી કરી પોલીસ વાનમાં બેસાડ્યા હતા અને અટકાયત કરી હતી.

વિરોધ પ્રદર્શન દરમિયાન NSUIના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ ૫ કરોડથી વધુ મતદારોનાં નામ ગેરકાયદેસર રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. કાર્યકરોએ ફોર્મ નંબર ૬ અને ફોર્મ નંબર ૭ની પ્રક્રિયામાં પણ ગેરરીતિ થઈ હોવાનો દાવો કર્યો હતો. મતદારોનાં નામ કમી કરીને ભાજપને ફાયદો પહોંચાડવામાં આવતો હોવાનો આક્ષેપ પણ સંગઠન દ્વારા કરવામાં આવ્યો હતો. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ નથી. NSUI કાર્યકર માજિદે વિરોધ દરમિયાન જણાવ્યું હતું કે SIR પ્રક્રિયાના નામે મોટી સંખ્યામાં મતદારોનાં નામ દૂર કરવામાં આવ્યાં હોવાના અહેવાલો સામે આવ્યા છે.

ચૂંટણી પંચના નિર્ણયો અને ફોર્મ ૬ તથા ૭ની પ્રક્રિયા સામે સંગઠનને વાંધો છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર પર પક્ષપાતનો આક્ષેપ કરીને રાજીનામું આપવાની માંગ કરી હતી. સાથે જ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને મતદારોના મતાધિકારનું રક્ષણ કરવાની માગણી કરી હતી. MTB કોલેજ બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવતાં સ્થિતિ તંગ બની હતી. ત્યારબાદ પોલીસે સ્થળ પર પહોંચી પ્રદર્શનકારીઓને કાબૂમાં લીધા હતા. પોલીસે કાર્યકરોને બળપૂર્વક ટીંગાટોળી કરીને પોલીસ વાનમાં બેસાડ્યા હતા અને અટકાયત કરી હતી. NSUIના આગેવાનોએ જણાવ્યું હતું કે મતાધિકાર અને લોકશાહી સંબંધિત મુદ્દે તેઓ વિરોધ ચાલુ રાખશે. સંગઠને મુખ્ય ચૂંટણી કમિશનર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તેમજ દેશદ્રોહનો ગુનો નોંધી ધરપકડ કરવાની માંગ પણ કરી હતી. વિરોધ પ્રદર્શન દ્વારા યુવાનો અને ખાસ કરીને જનરેશન-ઝી સુધી મતદાનના અધિકાર અને ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવવાનો હેતુ હોવાનું કાર્યકરોએ જણાવ્યું હતું.





**સુરતઃ** સુરતમાં મહાત્મા ગાંધીજી જન્મજયંતી પ્રસંગે આમ આદમી પાર્ટી - સુરત શહેર દ્વારા બાપુના વિચારો અને આદર્શોને નમન કરવા અર્થે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આટી પહેરાવી ભાવ વંદના કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.
**તસવીર : હનિફ મલિક**

# ટેક્ષટાઈલ માર્કેટમાં સાલાસર ક્રિએશનના માલીકનું રૂ.૧.૦૯ કરોડમાં ઉઠમણું

## નવ વેપારીઓના નાણાં ફસાયા, વેપારીઓ પાસે જાબવર્કનું કામ કામ કરાવ્યા બાદ દુકાન અને મોબાઈલ બંધ કરી ફરાર

**દ્રષ્ટિકોણ-સુરત,** રીંગરોડની શિવકુપા ટેક્ષટાઈલ માર્કેટમાં સાલાસર ક્રિએશન ફર્મના માલીકે દલાલ સાથે મળી શહેરના નવ વેપારીઓ પાસે એમ્બ્રોઈડરી જાબવર્કનું કામ કરાવ્યા બાદ મજુરીના નિકળતા રૂપિયા ૧.૦૯ કરોડ નહી ચુકવી રાતોરાત મોબાઈલ અને દુકાનને તાળા મારી ઉઠમણું કરી ફરાર થઈ જતા વેપારીઓ દોડતા થયા છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા, સુદામા ચોક, બલોસમ રોડ ખાતે રહેતા રાજેશભાઈ ખીમજીભાઈ શેલડીયા (ઉ.વ.૪૫) એમ્બ્રોડરી જોબવર્કનું કામકાજ કરે છે. રાજેશભાઈ સહિત નવ જેટલા વેપારીઓને કાપડ દલાલ શૈલેષ મનુ રાદડીયા (રહે,આત્મીય બંગ્લો,કઠોદરા)એ સંપર્ક કરી તમામને અલગ અલગ તારીખે રીંગરોડની શિવ કુપા ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ સાલાસર ક્રિએશનના માલીક રાહુલ રાજકુમાર કંસારા(રહે,માર્ક પોઈન્ટ, ડિંડોલી)ની દુકાને બોલાવ્યા હતા.

ત્યાં કાપડ દલાલ શૈલેષ અને રાહુલે વેપારીઓને માર્કેટના ધારાધોરણ પ્રમાણે સમયસર પેમેન્ટ ચુકવી આપવાનો વિશ્વાસ અને ભરોસો અપાવ્યો હતો. વેપારીઓને વિશ્વાસમાં લીધા બાદ આ બંને જણાએ ગત તા ૧૪ મે ૨૦૨૫થી તા.૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન રાજેશભાઈ પાસેથી રૂપિયા ૩૬,૮૮,૦૨૮નું એમ્બ્રોડરી જોબવર્ક કરાવ્યું હતું. જેમાંથી શરૂઆતમાં રૂપિયા ૫,૪૪,૧૫૮નું પેમેન્ટ ટુકડે-ટુકડે ચુકવ્યું હતું જયારે બાકીના રૂપિયા૩૧,૪૩,૮૭૦ લેવાના બાકી હતા.

આ ઉપરાંત આરોપીઓએ અન્ય સાત આરોપીઓ પાસેથી પણ કુલ રૂપિયા ૭૭,૬૦,૯૪૨નું જોબવર્ક કરાવી માલ મેળવી લીધો હતો. રાજેશભાઈ સહિત આઠ વેપારીઓ પાસેથી રાહુલ કંસારા અને દલાલ શૈલેષએ કુલ રૂપિયા ૧,૦૯,૦૪,૮૧૨નું એમ્બ્રોઈડરી જાબવર્ક કરાવ્યા બાદ કોઈ પણ વેપારીઓને પેમેન્ટ ચુકવ્યું ન હતુ. અને વેપારીઓ દ્વારા પેમેન્ટની ઉઘરાણી કરવામાં આવતા શરૂઆતમાં પેમેન્ટ આપી દેવાના ખોટા ખોટા વાયદાઓ આપ્યા બાદ પોતાના મોબાઈલ અને દુકાનને તાળા મારી રફુચક્કર થઈ ગયા હતા. સાલાસર ક્રિએશનના માલીક રાહુલ કંસારા અને દલાલ શૈલેષ રાદડીયાએ ઉઠમણું કરતા તમામ વેપારીઓ દોડતા થયા હતા. અનેશ્વ સમગ્ર મામલે ગતરોજ ફરિયાદ નોદ્વધાવતા પોલીસે બંને જણા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### કોના કોના નાણાં ફસાયા

| | |
|---|---|
| ● રાજેશભાઈ શેલડીયાના | ૩૧,૪૩,૮૭૦ |
| ● મનુભાઈ રામાણી (નિષ્ઠા ફેશન)ના | ૨૪,૨૫,૦૦૦ |
| ● અરૂણ બાલુભાઈ લુંગરીયાના | ૧૮,૦૦,૦૦૦ |
| ● મહેન્દ્રશ્વભાઈ સાવલીયા (ચાર્વી ક્રિએશન) | ૮,૩૦,૦૦૦ |
| ● પરષોતમભાઈ અંબાભાઈ ગજેરા (શ્રીજી ફેશન)ના | ૮,૩૦,૦૦૦ |
| ● બિપીનભાઈ ભરોડીયા (જય અંબે ફેશન)ના | ૭,૭૦,૦૦૦ |
| ● ભાવેશભાઈ દુધાત (સીતારામ ક્રિએશન) | ૫,૭૪,૩૦૦ |
| ● હરેશભાઈ લાલજીભાઈ રંગાણી (હરીકુષ્ણ હેન્ડ વર્ક)ના | ૫,૩૧,૬૪૨ |

# રીંગ રોડની ન્યુ ટી.ટી.માર્કેટમાં વિર ક્રિએશનના પ્રોપરાઈટર દ્વારા ૨૯.૭૯ લાખની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત,** વરાછા રોડ હીરાબાગ વિસ્તારમાં રહેતા વેપારી પાસેથી રિંગરોડની ન્યુ ટી.ટી. માર્કેટમાં વિર ક્રિએશન ફર્મના પ્રોપરાઈટરોએ દલાલ સાથે મળી સમયસર પેમેન્ટ ચુકવી દેવાનો વિશ્વાસ અને ભરોશ્વસો આપી ઉધારમાં માલ ખરીદ્યા બાદ રૂપિયા ૨૯.૭૯ લાખનું પેમેન્ટ નહી ચુકવી છેતરપિંડી કરતા મામલો પોલીસમાં પહોદ્વચ્યો છે.

સલાબતપુરા પોલીસના જણાવ્યા મુજબ હરીશનગર સોસાયટી, જે.કે. પેટ્રોલ પંપની સામે, હિરાબાદ, વરાછા રોડ ખાતે રહેતા ૫૨ વર્ષીય વિનોદભાઈ દેવશીભાઈ ગોંડલિયા હરીઓમ સિલ્ક મિલ્સ, શિવમ ક્રિએશન અને ભગવતિ એમ્પેક્સ ફર્મના નામથી કાપડનો ધંધો કરે છે. તેમની પાસેથી શ્વશ્વરીંગરોડની ન્યુ ટી.ટી.માર્કેટ-૨માં વિર ક્રિએશનશ્વના નામથી ધંધો કરતા સુશીલ ઘનારામ ચૌધરી, રાકેશ ચંદ્રારામ કુમાવત, ભુપેશ નિરંજન અગ્રવાલ અને દિનેશ કુમાવતે કાપડ દલાવલ રોહીત ઓમપ્રકાશ ઉપાધ્યાય (રહે, ગીતાનગર ચોર્યાસી ડેરી પાછળ, પરવત પાટીયા)એશ્વ સમયસર પેમેન્ટ ચુકવી દેવાનો વિશ્વાસ અને ભરોસો આપી ગત તા ૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ૫ માર્ચ ૨૦૨૫ સુધીમાં અલગ-અલગ બિલ તથા ચલણથી કુલ રૂપિયા ૩૨,૮૧,૪૯૨ના મત્તાનો કાપડનો માલ ખરીદ્યો હતો.આરોપીઓએ વિનોદભાઈ ગોદ્વડલીયાનો વિશ્વાસ કેળવવા માટે શરુઆતમાં રૂપિયા ૫,૦૨,૦૫૨નું પેમેન્ટ ચૂકવી આપ્યું હતું.

જયારે બાકીના લેવાના નિકળતા રૂપિયા ૨૭,૭૯,૪૪૦ની વિનોદભાઈ દ્વારા વારંવાર ઉઘરાણી કરતા આરોપીઓ પેમેન્ટ આપી દેવાના ખોટા ખોટા વાયદાઓ આપી સમયપસાર કરતા આવ્યા હતા. વિનોદભાઈન ગોદ્વડલીયાને ખ્યાલ આવી ગયો કે ટોળકીએ શરૂઆતમાં થોડુ પેમેન્ટ આપી વિશ્વાસમાં લીધા બાદ હવે બાકીના રૂપિયા ૨૯.૭૯ લાખ નહી ચુકવી તેમની સાથે છેતરપિંડી કરી છે. પોલીસે વિનોદભાઈની ફરિયાદ લઈ ચારેય ભાગીદાર અને દલાલ સામે ગુનો દાખલ કરી આગળની તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

# ડિંડોલીમાં લકી ક્યાં છે પુછી બે મિત્રો ઉપર જીવલેણ હૂમલો

**દ્રષ્ટિકોણ-સુરત,તા.૨**
નવાગામ ડિંડોલી, શીવાજી પાર્ક પાસે રહેતા બે મિત્રો ગુરુવારે મોડી સાંજે ઘર નજીક ઉભા હત તે વખતે ચાર ટપોરીઓ તેમની પાસે આવી લકી ક્યાં છે, બોલ હવે'કહી ગાળાગાળી કર્યા બાદ પેટ-પીઠ અને મોઢાના ભાગે ચપ્પુના ઉપરા છાપરી ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા.

ડિંડોલી પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સાંઈ બાબાનગર, શીવાજી પાર્ક, નવાગામશ્વ, ડિંડોલી ખાતે રહેતા ધિરજ શ્યામભાઈ પાટીલ ગત તા ૧ ઓક્ટોબરના સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં સાંઈબાબા નગર ખાતે મામાદેવ સુપરસ્ટોર પાસે તેના મિત્ર શ્વસુનીલ સાથે ઉભો હતો તે વખતે ડિંડોલી ગંગોત્રીનગરમાં રહેતો શુભમ ઉર્ફે પ્રતિક તેના સાગરીતો પ્રવિણ, રવિ અને એક અજાણ્યા સાથે ત્યાં આવ્યો હતો.

આ ચારેય ટપોરીઓએ ધીરજ તથા સુનીલ સાથે ગાળાગાળી કરી લકી ક્યાં છે, બોલ હવે તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો.

આ દરમિયાન ધીરજ સમજાવવા જતા પ્રવિણે બંને મિત્રો પર હુમલો કર્યો હતો. જેમાં સુનીલનને પીઠના ભાગે બે ઘા મારતા તે નીચે પટકાયો હતો. ત્યારબાદ શુભમે પ્રવિણ પાસેથી છરી લઈ ધીરજ પર હુમલો કરી તેના મોઢાના ડાબી બાજુના ઉપરના ભાગે છરીનો ઘા માર્યો હતો.

ઘટનાને પગલે લોકો એકત્ર થતાં ચારેય હુમલાખોર ત્યાંથી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત બંને મિત્રોને ૧૦૮ની મદદથી સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધીરજના મોઢા પર ગંભીર ઈજા થતાં નવ ટાંકા આવ્યા હતા. જ્યારે સુનીલને પેટ તથા પીઠના ભાગે ગંભીર ઈજાઓ થતાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગે ડિંડોલી પોલીસે ધીરજ પાટીલની ફરિયાદ લઈ ચારેય સામે ગુનો નોદ્વધી તપાસ શરુ કરી છે.

# ડીંડોલીમાં શેરબજારમાં ૨૦થી ૫૦ ટકા નફાની લાલચ આપી મહિલા સહિત બે સાથે ૧૧.૩૩ લાખની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત,** ડિંડોલીમાં બ્યુટી પાર્લરનું કામ કરતી મહિલા સહિત બે જણાને ભેટી ગયેલા યુવકે પોતાની ઓળખ એન્જલ વન બ્રોકરેજ કંપનીના એજન્ટ તરીકે આપી શેરબજારમાં રોકાણ કરવાથી ૨૦થી ૫૦ ટકા સુધીનો નફો આપવાની લાલચ અશ્વાપી રોકાણ કરાવી રૂપિયા ૧૧.૩૩ લાખની છેતરપિંડી કરી હતી.ડીંડોલી, માનસી રેસીડેન્સીમાં રહેતી અને સુમુખ સર્કલ, મધુવન સોયાસટીમાં રસ્મી ગ્લેમરના નામથી બ્યુટી પાર્લર ચલાવતી રશ્મીતાબેન સુધાંશુભાઈ શેખર પંડાશ્વએ ગતરોજ વીડીયોગ્રાફીનું કામકાજ કરતા અભિષેક સુનિલ શર્મા (રહે,સેવન લક્ઝરીયા એપાર્ટમેન્ટ, ફલાવર ગાર્ડન પાસે ડિંડોલી) સામે ફરિયાદ નોદ્વધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે આરોપી અભિષેક શર્માએ પોતે એન્જલ વન બ્રોકરેજ કંપનીમાં એજન્ટ તરીકે કામ કરતો હોવાનું જણાવી શેરબજારમાં કમિશન પર રોકાણ કરાવવાની વાત કરી હતી. શેરબજારમાં રોકાણ કરવાથી ૨૦થી ૫૦ ટકા સુધીનો નફો કરાવી આપવાની ખાતરી આપી રશ્મીતાબેન તથા તેના મિત્ર રામેશ્વરને રોકાણ માટે પ્રેર્યા હતા. અભિષેક શર્માની વાતમાં વિશ્વાસ રાખી તા.૨ જૂન ૨૦૨૫થી તા.૧૯ માર્ચ ૨૦૨૬ દરમિયાન બંને જણાએ રોકડ અને ઓનલાઈન મળી કુલ રૂપિયા ૧૯,૯૧,૭૦૬નું રોકાણ કર્યું હતું જેમાંથી અભિષેક શર્માએ રૂપિયા ૮,૫૭,૭૫૬ પરત ચૂકવ્યા હતા. જયારે બાકીના લેવાના નિકળતા રૂપિયા ૧૧,૩૩,૯૪૪ની રકમ પરત નહીં ચૂકવી બંને જણા સાથે છેતરપિંડી કરી હતી.

# ઓલપાડના સાંધીયેરમાં ગાંધી-શાસ્ત્રી જયંતિએ સેવાકીય કાર્યક્રમો યોજાયા

## સર્વોદય જન કલ્યાણ ટ્રસ્ટ અને સેવા સહકારી મંડળી દ્વારા ૧૫૦ વિદ્યાર્થીઓને ડ્રેસ, ૫૦૦ જરૂરિયાતમંદોને કપડાં અને શાળાઓને આર્થિક સહાયનું વિતરણ



**દ્રષ્ટિકોણ-સુરત :** આજરોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે સાંધીયેર પ્રાથમિક શાળા અને આધી પ્રાથમિક શાળા ખાતે સર્વોદય જન કલ્યાણ ટ્રસ્ટ તથા સાંધીયેર સેવા સહકારી મંડળીના ઉપક્રમે વિવિધ સેવાકીય અને લોકકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સર્વોદય જન કલ્યાણ ટ્રસ્ટ અને સાંધીયેર સેવા સહકારી મંડળી દ્વારા સાંધીયેર પ્રાથમિક શાળાના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓને શાળા ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળામાં CCTV કેમેરા સ્થાપન માટે રૂ.૫૮,૦૦૦ની સહાય આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધા મળી રહે તે માટે મધ્યાહન ભોજન યોજના માટે રૂ.૨૮,૦૦૦ના વાસણોના સેટનું દાન પણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંધીયેર ગામના આશરે ૩૦૦ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ અન્ય દાતાશ્રીઓ દ્વારા ?૧૧,૦૦૦ની આર્થિક સહાય પણ આપવામાં આવી હતી. આધી પ્રાથમિક શાળામાં પણ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી નોટબુક, પેન, પેન્સિલ અને રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ આધી ગોલા ગામના આશરે ૨૦૦ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને કપડાંનું વિતરણ કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સર્વોદય જન કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ તથા ખેડૂત અને સહકારી આગેવાન દર્શનકુમાર એ. નાયક, ટ્રસ્ટના મંત્રી જયેન્દ્રભાઈ દેસાઈ, સાંધીયેર સેવા સહકારી મંડળીના પ્રમુખ વિરલભાઈ પટેલ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ, મોરથાણ ગામના સરપંચ જયેશભાઈ દેસાઈ, સુનિલભાઈ પટેલ,સંકેતભાઈ પટેલ, જેનીશભાઈ પટેલ, ભુપતભાઈ પટેલ, શાંતિભાઈ મીરજા , ચંદુભાઈ પટેલ, અંકુરભાઈ સુરતી, વિદ્ધાર્થભાઈ પંડયા, સંજયભાઈ પટેલ,શૈલેશભાઈ ભટ્ટ,બાબુભાઈ પટેલ,ભરતભાઈ પુરોહિત, ભરતભાઈ પટેલ તેમજ બંને શાળાના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મહાત્મા ગાંધીજી અને લાલ બહાદુર શાસ્ત્રીજીના જીવનમૂલ્યોને યાદ કરીને સર્વોદય જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, સેવા અને સમાજકલ્યાણના કાર્યોને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# અઠવામાં યુવતીને સ્નેપચેટ દ્વારા પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર

**દ્રષ્ટિકોણ-સુરત,** અઠવા વિસ્તારમાં રહેતી યુવતી સાથે સ્નેપચેટ મારફતે રાણીતળાવના યુવકે મિત્રતા કર્યા બાદ પોતાના પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીને તેની સાથે લગ્ન કરવાના સપના બતાવી અવાર નવાર તેની મરજી વિરુધ્ધ બળાત્કાર કર્યો હતો. પાંચ વર્ષ સુધી શારીરીક શોષણ કર્યા બાદ નરાધમ યુવકે તેને તું મારાથી ઉંમરમાં પાંચ વર્ષ મોટી છે કહી લગ્ન કરવાનો ઈક્રાર કરી તરછોડી દીધી હતી. આખરે ભોગ બનનાર યુવતીએ આ મામલે ફરિયાદ નોદ્વધાવતા પોલીસે યુવક સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સગરામપુરા વિસ્તારમાં રહેતી યુવતીનો સને ૨૦૨૧માં શાકીબ અલી જાકીર સૈયદ (ઉ.વ.૨૯.રહે,ઉદરૂશ એપાર્ટમેન્ટ, ખાટકીવાડ, રાણીતળાવ) સાથે સ્નેપચેટ મારફતે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે સતત વાતચીત થતાં પ્રેમસંબંધ બંધાયો હતો. આ દરમિયાન શાકીબે યુવતીને તેની સાથે લગ્ન કરવાના સપના બતાવ્યા હતા. ત્યારબાદ શાકીબે યુવતી સાથે સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અવારનવાર યુવતીના ઘરે જઈ તેની સાથે શારીરિક સંબંધ બાંધતો હતો.

શાકીબે પાંચ વર્ષ સુધી યુવતીનું શારીરીક શોષણ કર્યા બાદ યુવતીએ તેને વારંવાર લગ્ન કરવા માટે કહેતા તે ઉસ્કેરાઈ જતો હતો અને યુવતીને તેનાથી ઉંમરમાં દસ વર્ષ મોટી હોવાનું જણાવી નિકાહ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આખરે આ મામલે યુવતીએ ગતરોજ ફરિયાદ નોંધાવતા અઠવા પોલીસે યુવતીની ફરિયાદને આધારે શાકીબ સૈયદ સામે ગુનો દાખલ કરી આગળની તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

## બે ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટના એક સાથે રાજીનામા

# સ્મીમેર હોસ્પિટલમાં લાઈફ સેવિંગ ડી.એસ.એ. કેથલેબને લાગ્યા ખંભાતી તાળા!

## દર્દીઓ માટે જીવનરક્ષક સહિતની સારવાર બંધ થતાં હાલાકી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨**

સુરત મહાનગર પાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં કેઝ્યુલિટી વિભાગમાં ગંભીર દર્દીઓ માટે જીવનરક્ષક સાબિત થતી ડીએસએ (ડિજિટલ સબટ્રેક્શન એન્જિયોગ્રાફી) કેથલેબ હાલ ડોક્ટરોની અછતના કારણે બંધ કરવાની નોબત આવી છે. રેડિયોલોજી વિભાગ હેઠળ ચાલતી આ સુપર સ્પેશિયાલિટી લેબમાં ફરજ બજાવતા બે ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટે એકસાથે અચાનક રાજીનામું આપી દેતાં લેબની સેવાઓ ખોરવાઈ ગઈ છે. પરિણામે લેબને તાળા મારવાની નોબત આવી છે જેને પગલે શહેરમાં વસતાં ગરીબ અને શ્રમજીવી સહિત મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવતા દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.સ્મીમેર હોસ્પિટલના રેડિયોલોજી વિભાગના વડા ડો.મોના શાસ્ત્રીએ જણાવ્યું હતું કે ડીએસએ કેથલેબ લાઈફ સેવિંગ અને સુપર સ્પેશિયાલિટી સેવા છે. આ લેબમાં ડો.પરેશ પટેલ (ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ) અને ડો. જીગર અઈયા (ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ) ફરજ બજાવતા હતા. જોકે, બંને ડોક્ટરોએ અચાનક રાજીનામું આપી દીધું છે. બંને ડોક્ટરોની ગેરહાજરીને કારણે હાલમાં ઢજીછ કેથલેબની સેવા બંધ છે. આ અંગે ડીન અને સુપ્રિટેન્ડેન્ટને તાત્કાલિક જગ્યાઓ ભરવા માટે રજૂઆત કરવામાં આવી હોવાનું પણ ડો. શાસ્ત્રીએ જણાવ્યું હતું. અલબત્ત, જયાં સુધી નવા નિષ્ણાત ડોક્ટરોની નિમણૂક ન થાય ત્યાં સુધી ગંભીર દર્દીઓને આ મહત્વપૂર્ણ સારવારનો લાભ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

### ક્રિટીકલ સ્થિતિમાં ડીએસએ લેબની સુવિધા આશીર્વાદ સમાન

ડીએસએ કેથલેબમાં શરીરની વિવિધ નસોમાં થતી ગંભીર સમસ્યાઓની સારવાર કરવામાં આવે છે.શરીરમાંથી આંતરિક બ્લીડિંગ થતું હોય ત્યારે એન્જિયોગ્રાફી કરીને રક્તસ્ત્રાવનું ચોક્કસ સ્થળ શોધી તેને અટકાવવાની પ્રક્રિયા કરવામાં આવે છે. ખાસ કરીને પ્રસૂતિ બાદ કેટલીક મહિલાઓમાં વધુ પડતું રક્તસ્ત્રાવ થાય અને જીવનું જોખમ ઊભું થાય ત્યારે વહેતું લોહી અટકાવી દર્દીનો જીવ બચાવવામાં ડીએસએ કેથલેબની સારવાર મહત્વની બની રહે છે.

### ખાનગી હોસ્પિટલમાં ૨૦ હજારથી ૧.૫૦ લાખ સુધીનો ખર્ચ

સૂત્રોએ જણાવ્યું હતું કે ડીએસએ કેથલેબમાં થતી વિવિધ સારવાર માટે ખાનગી હોસ્પિટલોમાં અંદાજે રૂ.૨૦ હજારથી લઈને રૂ.૧.૫૦ લાખ સુધીનો ખર્ચ થઈ શકે છે. સ્મીમેર હોસ્પિટલમાઁ સ્તન્છરૂ કાર્ડ ધરાવતા દર્દીઓને આ સારવાર તદ્દન મફતમાં ઉપલબ્ધ થાય છે, જયારે કાર્ડ ન ધરાવતા દર્દીઓને પણ રાહત દરે સારવારનો લાભ મળે છે. આવી સ્થિતિમાં સ્મીમેરની કેથલેબ બંધ થતાં આર્થિક રીતે નબળા દર્દીઓ માટે પણ મુશ્કેલી ઊભી થઈ છે.

### સ્મીમેરમાં ૨૦૧૭માં સુવિધા શરૂ કરવામાં આવી હતી

સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલને અત્યાધુનિક બનાવવા માટે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. હાલમાં પણ સ્મીમેર હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની સુવિધાઓ ઉભી કરવા માટે પણ સારવાર માટે જરૂરી તબીબી ઉપકરણોની પણ ખરીદી કરવામાં આવી રહી છે. અલબત્ત, જે સુવિધા ઉપલબ્ધ છે તે પ્રત્યે વહીવટી તંત્ર દ્વારા દુર્લક્ષતા સેવવામાં આવી રહી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

# ભવાનદગડ સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું



**દ્રષ્ટિકોણ-ડાંગ :** ભવાનદગડ ખાતે પ્રાથમિક શાળા ભવાનદગડના આંગણે સીઆરસી કક્ષાનું ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં કેન્દ્ર હેઠળની તમામ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકોએ પોતાના માર્ગદર્શક શિક્ષકોના માર્ગદર્શન હેઠળ 'ટકાઉ ભારત માટે ઈનોવેશન' વિષયને કેન્દ્રમાં રાખી ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણને લગતી વિવિધ નવીન કૃતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક અભિગમ અને નવીન વિચારોનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે ગ્રુપ ગ્રામ પંચાયત ભવાનદગડના સરપંચ કિશોરભાઈ, ગ્રામ પંચાયત સદસ્ય પ્રકાશભાઈ, કેન્દ્ર શિક્ષક, વિવિધ શાળાના શિક્ષકો તેમજ બાળ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

સરપંચે બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ શિક્ષણમાં આધુનિક ટેક્નોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રદર્શનમાં રજૂ થયેલી વિવિધ કૃતિઓ નિહાળવા માટે સીઆરસી કેન્દ્ર હેઠળની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પણ મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ, સંશોધનવૃત્તિ અને નવીનતા પ્રત્યેનો ઉત્સાહ વધ્યો હતો.

# ખામીયુક્ત એસી મામલે રકમ પરત કરવા સાથે રૂ. ૨ હજાર વળતર ચૂકવવાનો આદેશ

**એક વર્ષમાં આઉટડોર યુનિટમાંથી અવાજની પાંચ વખત ફરિયાદ છતાં સમસ્યા દૂર થઈ ન હતી**

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨**

ખામીયુક્ત એર કન્ડિશનરની વારંવાર ફરિયાદ કરવા છતાં કંપની દ્વારા સમસ્યાનું નિરાકરણ ન લાવવામાં આવતા સુરતના ગ્રાહકે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ગ્રાહક કોર્ટ (એડિશનલ) દ્વારા ફરિયાદી પક્ષે ચુકાદો આપીને કંપનીને એસીની ખરીદીની રકમ પરત ચૂકવવા તેમજ શારીરિક-માનસિક ત્રાસ બદલ વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

કેસની વિગત મુજબ સુરતના રહેવાસી કેવલભાઈ જાદવભાઈ સવાણીએ તેમની કંપની 'સવાણી એન્ટરપ્રાઈઝ'ના નામે તા. ૧૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ કેરિયર મીડિયા ઈન્ડિયા પ્રા.લિ.નું એર કન્ડિશનર ખરીદ્યું હતું. કંપની દ્વારા એસી પર એક વર્ષની સંપૂર્ણ વોરંટી, ચાર વર્ષની નોર્મલ કમ્પ્રેસર વોરંટી અને નવ વર્ષની ઈન્વર્ટર કમ્પ્રેસર વોરંટી આપવામાં આવી હતી.

જોકે, એસી ખરીદ્યાના એક વર્ષની અંદર જ તેના આઉટડોર યુનિટમાંથી વધુ પડતો અવાજ આવવાની શરૂઆત થઈ હતી. આ અંગે ગ્રાહકે કંપનીને કુલ પાંચ વખત ફરિયાદ કરી હતી. તેમ છતાં સમસ્યાનું યોગ્ય નિરાકરણ ન આવતા ગ્રાહકે સુરતના એડવોકેટ વંદના એન. ગોહીલ તથા જિગ્નેશ એ. હરિયાણી મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ સાથે કંપનીમાં કરાવવામાં આવેલી સર્વિસ તથા અન્ય સંબંધિત દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા હતા. કંપની દ્વારા કોર્ટ સમક્ષ પોતાનો બચાવ રજૂ કરવામાં આવ્યો હતો.

જોકે, ફરિયાદી તરફથી રજૂ કરવામાં આવેલા પુરાવા અને દલીલોને ધ્યાનમાં લેતા કમિશને કંપનીનો બચાવ ગ્રાહ્ય રાખ્યો નહોતો અને ફરિયાદી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને માન્ય રાખ્યા હતા. ગ્રાહક કોર્ટ (એડિશનલ)ના પ્રમુખ આર.એલ. ઠક્કર તથા સભ્ય પૂર્વીબેન જોષીએ ફરિયાદ મંજૂર કરતો હુકમ કર્યો હતો. કોર્ટે કંપનીને ફરિયાદીએ એસી માટે ચૂકવેલી રૂ.૩૪,૦૦૦ની સંપૂર્ણ રકમ પરત ચૂકવવા તેમજ શારીરિક અને માનસિક ત્રાસ બદલ રૂ.૨,૦૦૦નું અલગથી વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. ફરિયાદી તરફે એડવોકેટ વંદના એન. ગોહીલ અને જિગ્નેશ એ. હરિયાણીએ રજૂઆત કરી હતી.

# કચ્છમાં માતાના મઢમાં નવરાત્રી પૂર્વે તંત્રની બેઠક યોજાઈ



**દ્રષ્ટિકોણ-કચ્છ । દયાપર,** નવરાત્રી પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે માતાના મઢ ખાતે વહીવટી તંત્ર દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શન માટે ઉમટી પડવાના હોવાથી યાત્રાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવનાર વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, નખત્રાણા પ્રાંત અધિકારી ઉત્સવ સુજવલ, મામલતદાર નવીનચંદ્ર મારૂ, તાલુકા વિકાસ અધિકારી વસંત ચંદે, નારાયણ સરોવર મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. કુનિયા, માતાના મઢ જાગીર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ખેંગારસિંહ જાડેજા અને વિનોદભાઈ સોલંકી, સરપંચ કાશમભાઈ પ્રજાપતિ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાણી પુરવઠા, એસટી સેવા, વીજળી, ગ્રામ પંચાયતની સફાઈ વ્યવસ્થા તેમજ પોલીસ બંદોબસ્ત અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરપંચ કાશમભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત દ્વારા દિવસમાં ત્રણ વખત સફાઈ કરવામાં આવશે. એસટી વિભાગ દ્વારા નવરાત્રી દરમિયાન ૧૬૫ બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૪ કલાક પાણી ઉપલબ્ધ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ પોલીસ તંત્ર દ્વારા પણ જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવશે. માતાના મઢ ખાતે દર્શન માટે માઈભક્તોએ ગેટ નંબર-૪થી પ્રવેશ કરવાનો રહેશે, જ્યારે બહાર નીકળવા માટે ગેટ નંબર-૩નો ઉપયોગ કરી શકાશે.

# મોરા ભાગળના ગુમ યુવકનો કેનાલમાંથી મૃતદેહ મળ્યો

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨**

સુરત શહેરમાં આવેલા મોરા ભાગળના ગંગાનગરમાં રહેતા ગુમ વ્યક્તિનો ઉગત કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો છે. યોગ્ય કામ ન મળતાં યુવકે આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઇ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરા ભાગળના ગંગાનગર વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય સતીષ નગીનભાઈ પટેલ ગત બપોરે ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. દરમિયાન રાત્રે ઉગત કેનાલમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. યોગ્ય કામ ન મળવાને કારણે તેમણે આ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.સતીષ પટેલ છૂટક મજૂરી કામ કરતા હતા.

ગત બપોરે તેઓ ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બાદમાં ઉગત કેનાલમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# GRPની અનોખી પહેલ: ૧૫૦ મુસાફરોને તેમના ખોવાયેલા મોબાઈલ પરત અપાયા

**દ્રષ્ટિકોણ-સુરત:** ગાંધી જયંતિના પાવન અવસરે સુરત રેલવે પોલીસ (GRP) દ્વારા 'તેરા તુઝ કો અર્પણ' નામે સરાહનીય અને અનોખી પહેલ કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત વિવિધ ટ્રેનો તથા રેલવે સ્ટેશન પરિસરમાંથી ચોરી કે ગુમ થયેલા કુલ ૧૫૦ મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. પરત કરાયેલા મોબાઈલની કુલ અંદાજિત કિંમત રૂ.૩૧,૫૬,૧૦૮ હોવાનું જાણવા મળ્યું છે. મહિનાઓ અને વર્ષોથી ખોવાયેલા મોબાઈલ પરત મળતાં મુસાફરોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. આ કામગીરીને કારણે મુસાફરોએ સુરત GRPની કામગીરીની પ્રશંસા કરી હતી.વડોદરા રેલવે પોલીસ અધિક્ષક અભય સોનીના માર્ગદર્શન હેઠળ સુરત રેલવે પોલીસે આધુનિક ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરીને ખોવાયેલા મોબાઈલ શોધી કાઢ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરા અને ઈન્ચાર્જ ડેપ્યુટી એસપી જી.એસ. સ્યાનની આગેવાની હેઠળની ટીમે કેન્દ્ર સરકારના CEIR (Central Equipment Identity Register) પોર્ટલ પર નોંધાયેલી ફરિયાદોના આધારે મોબાઈલ ફોન ટ્રેસ કરવાની કામગીરી હાથ ધરી હતી. આ કામગીરીમાં અલગ-અલગ ગુનાઓ સાથે સંકળાયેલા ૩૦ કેસમાં રૂ.૫,૮૪,૭૨૫ની કિંમતના મોબાઈલ તેમજ ૧૨૦ અરજીઓના આધારે રૂ.૨૫,૭૧,૩૮૩ની કિંમતના મોબાઈલ રિકવર કરવામાં આવ્યા હતા. આમ કુલ ૧૫૦ મોબાઈલ ફોન શોધી કાઢી તેમના હકદાર માલિકોને પરત કરવામાં આવ્યા હતા. આ સફળ કામગીરીમાં PSI લાલસિંહ પરમાર, એમ.એચ. જાડેજા, હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ, કોન્સ્ટેબલ કૃપાલસિંહ, વિશાલસિંહ, રસિકભાઈ અને દીપકભાઈ સહિતની પોલીસ ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. મોબાઈલ પરત મળતાં મુસાફરોએ પોલીસ ટીમનો આભાર વ્યક્ત કરી કામગીરીની પ્રશંસા કરી હતી.

# બોટાદમા વરસાદથી કપાસના પાકને નુકસાન, ખેડૂતો માટે સહાયની માંગ

**દ્રષ્ટિકોણ-બોટાદ:** તાજેતરમાં પડેલા વરસાદના કારણે બોટાદ જિલ્લામાં કપાસના ઉભા પાકમાં સુકારો આવવાની સ્થિતિ સર્જાતા ખેડૂતોને નુકસાન થયું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ મુદ્દે બોટાદ ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને લેખિત રજૂઆત કરી છે.બોટાદ જિલ્લાના બોટાદ, ગઢડા, રાણપુર અને બરવાળા તાલુકામાં કપાસના પાકને થયેલા



નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરાવવા ધારાસભ્ય દ્વારા માંગ

કરવામાં આવી છે. કપાસ ખેડૂતો માટે મહત્વનો આવકનો સ્ત્રોત હોવાથી પાકને થયેલા નુકસાનથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે નુકસાનગ્રસ્ત ખેડૂતોને નિયમો મુજબ યોગ્ય સહાય મળી રહે તે માટે તાત્કાલિક સર્વે હાથ ધરી આર્થિક સહાય ચૂકવવા રજૂઆત કરવામાં આવી છે. ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ ખેડૂતોના હિતમાં સરકાર દ્વારા ઝડપથી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# અબ્રામા-ગોપીન રોડ પર ડમ્પરે મોપેડને કચડ્યું: વૃદ્ધાનું ઘટનાસ્થળે મોત

**અકસ્મતમાં મોપેડ ડમ્પરના આગળના ભાગે ફસાઈ ગયું, ચાલકે ભગાવવાનો પ્રયાસ કરતાં લાંબા અંતર સુધી ઢસડાયું; બે લોકો ગંભીર ઈજાગ્રસ્ત, ડમ્પર ચાલક ઝડપાયો**

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨**

શહેરના અબ્રામા-ગોપીન ગામ રોડ પર આજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડી રહેલા ડમ્પરે મોપેડ પર સવાર પરિવારને અડફેટે લેતાં મોપેડ ડમ્પરના આગળના ભાગે ફસાઈ ગયું હતું. અકસ્માત બાદ ડમ્પર ચાલકે વાહન રોકવાને બદલે ભગાવવાનો પ્રયાસ કરતાં મોપેડને રસ્તા પર લાંબા અંતર સુધી ઢસડ્યું હતું. આ અકસ્માતમાં મોપેડ પર સવાર વૃદ્ધાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ અબ્રામા ચોકથી ગોપીન ગામ તરફ જવાના રોડ પર મોપેડ પર ત્રણ લોકો પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા ડમ્પરે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે મોપેડ ડમ્પરના આગળના ભાગમાં ફસાઈ ગયું હતું. અકસ્માત બાદ ચાલકે બ્રેક મારવાને બદલે ડમ્પર દોડાવી મૂકતાં મોપેડને રસ્તા પર લાંબા અંતર સુધી ઢસડવામાં આવ્યું હતું. અકસ્મતમાં મોપેડ પર સવાર વૃદ્ધા ગંભીર રીતે કચડાઈ જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ થતાં સ્થાનિકોએ તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બંને ઈજાગ્રસ્તોની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. મૃતક વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. અકસમાત સર્જ્યા બાદ ડમ્પર ચાલક વાહન ભગાવી રહ્યો હતો. દરમિયાન પાછળથી આવી રહેલા વાહનચાલકો અને સ્થાનિક યુવાનોએ બાઈક પર તેનો પીછો કર્યો હતો.

# કામરેજ તાલુકાના પાલી ગામમાં સરપંચ સામે બળવો, ઉપસરપંચ સહિત ત્રણ સભ્યોના રાજીનામાં

**દ્રષ્ટિકોણ-સુરત:** કામરેજ તાલુકાની પાલી ગ્રામ પંચાયતમાં સરપંચના એક હતું શાશન અને આપ ખુદ શાહી વહીવટ સામે સભ્યોનો અસંતોષ ચરમ સીમાએ પહોંચ્યો છે પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને અંધારામાં રાખી લેવાતા નિર્ણયોના વિરોધમાં ઉપસરપંચ સહિત ત્રણ સભ્યોએ એક સાથે રાજીનામાં ધરી દેતા સ્થાનિક સ્તરે રાજકીય ભૂકંપનો માહોલ સર્જાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર પાલી ગ્રામ પંચાયતના સરપંચ કૌશિકભાઈ રમણભાઈ રાઠોડ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી રીતે પંચાયત નો કારભાર ચલાવતા હોવાના ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે સરપંચની કાર્ય પદ્ધતિથી ત્રસ્ત થઈને વોર્ડ નંબર છ ના સદસ્ય અને ઉપસરપંચ શીલાબેન રાકેશભાઈ રાઠોડ, વોર્ડ નંબર એકના સભ્ય મીનાબેન સુરેન્દ્રસિંહ દેસાઈ તેમજ વોર્ડ નંબર બે ના સભ્ય કૌશિકકુમાર દિલીપસિંહ મોરીએ પોતાના સભ્ય પદેથી સામૂહિક રાજીનામાં આપી દીધા હોવાનું જાણવા મળે છે એક સાથે ત્રણ હોદ્દેદારોના રાજીના માંથી પંચાયતનું સંખ્યા બળ ખોળવાઈ ગયું છે અને વહીવટી સ્તરે ગંભીર સંકટ ઉભું થયું છે

રાજીનામા ધરી દેનાર સદસ્યો નું માનવું છે કે પંચાયત એક્ટ મુજબ બહુમતી કે ચર્ચા વિચારણા થી નિર્ણયો લેવાને બદલે સરપંચ મનસ્વી રીતે નિર્ણયો પંચાયતની બોડી પર લાદી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો હોવાનું જાણવા મળે છે આ ઉપરાંત ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કૌશિક સુરેન્દ્રસિંહ ચૌહાણને ઉપસરપંચ કે સભ્યોની મંજૂરી વિના એકાએક ફરજ મુક્ત કરી દેવાયા હતા. ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ સભ્યોના રાજીના માંથી જો ફોરમ નો અભાવ સર્જાય કે પંચાયતની સામાન્ય સભાઓ ખોરવાય તો વિકાસના કાર્યો ઠપ થઈ શકે છે.

# પત્ની સાથે મજાક-મસ્તી સમયે ઝઘડો થતાં વોચમેનનો આપઘાત

**સુરત, તા.૨**

સુરત શહેરમાં આવેલા ઉમરા વિસ્તારમાં પત્ની સાથે મજાક-મસ્તી દરમિયાન થયેલા ઝઘડા બાદ ૪૩ વર્ષીય વ્યક્તિએ પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે સવારે સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ કરીમાબાદ, સુભાષનગરમાં રહેતા ૪૩ વર્ષીય જશવંત ડાહ્યાભાઈ પરમાર વોચમેન તરીકે નોકરી કરતા હતા. ગત સવારે પત્ની સાથે મજાક-મસ્તી દરમિયાન 'તું મને પ્રેમ કરે છે કે નહીં' જેવી વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ જશવંત પરમારે પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. ઘટનાને પગલે પરિવારજનોએ તાત્કાલિક તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, ગંભીર રીતે દાઝી ગયેલા જશવંત પરમારનું આજે સવારે સારવાર દરમિયાન મોત થયું હતું. તેઓ પરિણીત હતા અને તેમને એક સંતાન હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# સુરત જિલ્લાના અંબિકા ખાતે વિનાયકવિલા કોંગ્રેસ કાર્યાલય પર પૂજ્ય બાપુની ૧૫૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

**મહુવા:** સુરત જિલ્લાના અંબિકા તાલુકા (મહુવા) ખાતે આવેલા વિનાયકવિલા કોંગ્રેસ કાર્યાલય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, હોદ્દેદારો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી પૂજ્ય બાપુના તૈલીચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને તેમના સત્ય તથા અહિંસાના આદર્શોને યાદ કર્યા હતા.

આ ઉજવણીના કાર્યક્રમમાં AICCના સભ્ય હેમાંગિનીબેન ગરાસિયા, અંબિકા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હેમંતભાઈ, પાર્ટીના માજી જિલ્લા પ્રમુખ પાંડેભાઈ, તેમજ યુથ કોંગ્રેસના પ્રમુખ આયુષભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાજેતરમાં જ ચૂંટાયેલા મહુવા સુગર ફેક્ટરીના ઝેરવાવરા (Zervavra) ઝોનના લોકપ્રિય ડિરેક્ટર અનિલભાઈ અને કાર્યકારી પ્રમુખ ઉત્તમભાઈએ પણ હાજરી આપી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ આગેવાનો અને મોટી સંખ્યામાં જોડાયેલા પક્ષના કાર્યકર્તાઓએ બાપુના ચીંધેલા માર્ગે ચાલી સમાજ સેવા કરવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

# પાંડેસરામાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરમાં આવેલા પાંડેસરા વિસ્તારમાં ૨૬ વર્ષીય યુવકે આજે સવારે ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. યુવકને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ઘરકંકાસના કારણે આ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગોવાલકનગર, પાંડેસરામાં રહેતા ૨૬ વર્ષીય શિવા મોહનલાલ સરોજ આજે સવારે ઘરે એંગલ સાથે સાડી બાંધી લટકી ગયા હતા. પરિવારજનોને જાણ થતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જોકે તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.શિવા સરોજ કાપડ માર્કેટમાં પોટલા ઊંચકવાનું કામ કરતા હતા. તેમના લગ્નને હજુ માત્ર છ મહિના જેટલો સમય થયો હતો.

# રાજકોટમાં કથાકાર અને ધાર્મિક વક્તા જયા કિશોરીજીનું ભવ્ય સન્માન

**દ્રષ્ટિકોણ-ઉપલેટા:** રાજકોટની ત્રણ દિવસની કથામાં પધારેલા દેશના જાણીતા કથાકાર અને ધાર્મિક વક્તા જયા કિશોરીજીએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તે



દરમિયાન તેમણે સોમનાથની ખ્યાતનામ હોટલ સનરાઈઝ સયાજીની મુલાકાત લીધી હતી આ પ્રસંગે હોટલ વાળા રામશીભાઈ વામરોટીયા બાદલભાઈ હુંબલ અને મજબૂતભાઈ હુંબલ દ્વારા સોમનાથ મંદિરનું ચિત્રજી આપી ભવ્ય સન્માન કરેલ હતું. આ તકે જયાકિશોરીજી તથા તેમની સાથે પધારેલા મયુરભાઈ (હોટલ અનંતા) તથા સુજીતભાઈ અને ભરતભાઈ દોશી રાજકોટ દ્વારા સોમનાથમાં દર્શનની આવી સુંદર વ્યવસ્થા બદલ રામશીભાઈ. બાદલભાઈ અને મજબૂતભાઈ નો ખુબ ખુબ આભાર માનેલા હતો.

# ગેરકાયદે શાળા અને નિયમવિરુદ્ધ ભરતી પર ૧૫ લાખ સુધીનો દંડ અને કેદ

**અમદાવાદ,** રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થાને વધુ પારદર્શક, ગુણવત્તાસભર અને નિયમિત બનાવવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. 'ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન એક્ટ'માં કરવામાં આવેલા નવા સુધારાઓના અમલ માટે સરકારે અધિકૃત નોટિફિકેશન બહાર પાડી દીધું છે. આ નવા નિયમોના અમલીકરણથી ખાસ કરીને સરકારી ગ્રાન્ટ મેળવતી ખાનગી (ગ્રાન્ટેડ) શાળાઓ અને ખાનગી શિક્ષણ સંસ્થાઓનું નિયમન વધુ સ્પષ્ટ અને કડક બનશે.નવા કાયદાકીય પ્રાવધાન હેઠળ શિક્ષણ વિભાગે બિનઅધિકૃત રીતે ચાલતી શાળાઓ અને ગેરકાયદેસર ભરતીઓ સામે લાલ આંખ કરી છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873 / 90160 19491

દ્રષ્ટિકોણ જનવાણી DRASTIKONE JANVANI (GUJARATI DAILY) દૈનિક એડિટોરિયલ
Saturday,03 September-2026
શનિવાર, તા.૦૩/૦૯/૨૦૨૬

# પાણી નિકાલના બહેતર ઉપાયો જરૂરી

આ વર્ષે ચોમાસા દરમ્યાન દેશના કેટલાય હિસ્સામાં અતિવૃષ્ટિ થઈ રહી છે. દેશના પૂર્વતટવાળા રાજ્યો જ નહીં, પણ પશ્ચિમી તટના રાજ્યો જેમ કે ગુજરાત, મહારાષ્ટ્ર ઉપરાંત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર વગેરેમાં પણ જળપ્રલય જેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે. અસંખ્ય બંધોના ફાટક ચિક્કાર ભરેલા જળાશયોમાંથી પાણી કાઢવા માટે ખોલી નાખવામાં આવ્યા હતા જેનાથી તમામ બંધોના નીચલા હિસ્સામાં પૂર આવ્યાં, જેનાથી ઊભા પાકો અને સંપત્તિનું પણ નુક્સાન થયું. હવે એવી સ્થિતિ દર બીજા-ત્રીજા વર્ષે પેદા થવા લાગી છે, ક્યારેક આ રાજ્યમાં તો ક્યારેક એ રાજ્યમાં. પરિણામે શહેરી સંપત્તિ તથા આધારભૂત માળખાનું ભારે નુક્સાન થઈ રહ્યું છે. ભારતીય ખેડૂત અને ખેતમજૂર ગ્રામીણ અર્થવ્યવસ્થાનો હિસ્સો છે.

જળવાયુ પરિવર્તનને કારણે તેમનો સામનો ક્યારેક દુકાળ, ક્યારેક પૂર અને ક્યારેક વાવાઝોડા સાથે થવા લાગ્યો છે. ગ્રામીણ ક્ષેત્રમાં પાકો જળમગ્ન થઈને નષ્ટ થઈ રહ્યા છે. જે ખેડૂત ગરીબી રેખા ઉપર આવી ગયા હતા, તે પાણીના પ્રકોપથી આ વખતે ફરી ગરીબી રેખા સુધી કે તેનાથી નીચે જવા લાગ્યા છે. પ્રાકૃતિક પ્રકોપનો સામનો કરવો હવે એક વાર્ષિક પરંપરા બની ગઈ છે. ખેડૂતો અને ખેતમજૂરોને સ્થાયી રૂપે ગરીબીના દાયરા બહાર કાઢવા માટે નવા ઉપાયો વિશે હવે વિચારવું પડશે. તેના માટે ડ્રેનેજ સિસ્ટમને ઉન્નત બનાવવા અને અતિવૃષ્ટિનાં દુષ્પરિણામોથી બચવા માટે પાણી નિકાલના બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની જરૂરિયાત વધી ગઈ છે.

ભારત વિશ્વના ૨.૪ ટકા ભૌગોલિક ભૂભાગ અને ચાર ટકા જળ સંસાધનની મદદથી પોતાની ખાદ્યાન્ન સંબંધી જરૂરિયાતો પૂરી કરે છે, પરંતુ અતિવૃષ્ટિથી આવેલા પૂરથી કઠોળ અને તેલીબિયાં પાકોને સૌથી વધુ નુક્સાન થાય છે. દેશ પહેલેથી જ દાળ અને ખાદ્ય તેલની અછતથી ઝઝૂમી રહ્યો છે. અસલમાં પાણીની અધિકતા કઠોળ અને તેલીબિયાં પાકોની દુશ્મન છે. ૨૦૧૬ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ રૂપે ઉજવવામાં આવ્યું હતું. એ જ દરમ્યાન ભારત વિશ્વ બજારમાંથી દાળ આયાત કરવા માટે મજબૂર થયું. ઘરેલુ માંગની પૂર્તિ માટે ભારતે કેનેડા, બર્મા, ટાન્ઝાનિયા, મોઝાંબિક વગેરે દેશોનો દરવાજો ખટખટાવ્યો, પરંતુ તેમની પાસે પણ કઠોળની અછત હતી. તેથી ઊંચા ભાવ પર બીજા દેશોથી ભારત દાળ આયાત માટે મજબૂર થયું. ત્યારથી જ દેશમાં કઠોળના

## તંત્રી લેખ

ભાવ બહુ વધેલા છે. એવી સ્થિતિ આ વર્ષે પણ પેદા થાય તેવી આશંકા છે.

આજે ભારતની આબાદી ચીનથી વધુ થઈ ગઈ છે. આપણા દેશના નાગરિક પ્રોટીનની પોતાની જરૂરિયાત મુખ્ય રૂપે દાળથી જ પૂરી કરે છે.એવામાં આપણે ફરીથી વિશ્વ બજાર તરફ જોવું પડશે. આ વર્ષે આવેલા સત્તાવાર આંકડા અનુસાર દેશમાં કઠોળ અને તેલીબિયાંનું ઉત્પાદન ઓછું રહેવાનું છે. તેથી આગળ પણ દેશમાં કઠોળ અને તેલીબિયાંની અછત રહેવાની છે. વાસ્તવમાં દુનિયામાં ક્યાંય પણ એટલી દાળ પેદા નથી થતી કે ત્યાંથી આયાત કરીને ભારત પોતાની માંગ પૂરી કરી શકે. દાળની આયાત પર ભારે ખર્ચ અને ઘરેલુ બજારમાં તેની અછત દેશની અર્થવ્યવસ્થાની સાથે સાથે લોકોને પોષણને નિશ્ચિત રૂપે પ્રભાવિત કરશે. એવી સ્થિતિથી બચવા માટે દેશમાં બહેતર પાણી નિકાલનો પ્રબંધ થઈ જાય તો વરસાદથી થઈ રહેલ ઠેરઠેર પાણી ભરાવાની અને પૂર પર કારગત નિયંત્રણ કરી શકાય છે.

હવે જળવાયુ પરિવર્તન જગજાહેર છે. તેને કારણે તોફાન-ચક્રવાત, અતિવૃષ્ટિ કે વાદળ ફાટવું, ભૂસ્ખલન જેવી પ્રાકૃતિક આપદાઓ હવે વારંવાર થશે. તેનાથી દેશવ્યાપી કઠોળ અને તેલીબિયાં પાકોની હાનિ ઉપરાંત હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા રેલવે, સડક, વીજળી, પુલ અને દૂરસંચાર નેટવર્ક વગેરેને ભારે નુક્સાન થતું રહેશે. એનાથી બચવા માટે આપણે જલ્દી થોડા દીર્ઘકાલીન સમાધાન કરવા જોઈએ. એના પર રાષ્ટ્રવ્યાપી વિચાર-વિમર્શ કરવો સમયની માંગ છે. તેના માટે સૌથી પહેલાં પૂર, ચક્રવાત અને અન્ય પ્રાકૃતિક આપદાઓના પ્રભાવનું એક વૈજ્ઞાનિક અધ્યયન સંબંધિત વિભાગો અને મંત્રાલયોના સહયોગથી કરવું જોઈએ. તેના વિશ્લેષણ ઉપરાંત કોઈ નિષ્કર્ષ પર પહોંચીને એક રાષ્ટ્રવ્યાપી નીતિ બનાવવી જોઈએ.

એ સારી વાત છે કે જળ સંરક્ષણ માટે આ દિવસોમાં દેશમાં આઠમા જળ સપ્તાહનું આયોજન થયું. તેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ યોગ્ય જ કહ્યું કે જળસ્રોત સીમિત છે અને તેના સક્ષમ ઉપયોગથી જ બધા માટે પાણીનો પૂરવઠો સંભવ છે. તેમણે પાણીની દરેક બૂંદને કિંમતી ગણાવતાં દેશના પ્રત્યેક નાગરિકને જળયોદ્ધા રૂપે કામ કરવાનું આહ્વાન કર્યું.

# સંચાર ઉપકરણોને બોમ્બ બનાવી દેતી ટેકનિક

ઘણી વાર કહેવાય છે કે ટેકનિક ખરેખર તો આપણા જીવની દુશ્મન બની ગઈ છે, પરંતુ શું તે વાસ્તવમાં જીવલેણ બની શકે છે? હાલમાં જ લેબેનોન અને સીરિયામાં હિઝબુલ્લાના હજારો સદસ્યો દ્વારા વપરાતા સંચાર ઉપકરણ પેજર, વોકીટોકી અને હેન્ડહેલ્ડ રેડિયો સેટ વિસ્ફોટ સાથે અચાનક ફાટ્યા તો દુનિયા તેના જીવલેણ પક્ષને જોઈને દંગ થઈ ગઈ. દાવો કરવામાં આવ્યો કે પેજર અને સોલર પેનલોમાં પણ એવા જ વિસ્ફોટ થયા. દાવો છે કે આ હમલા પાછળ ઈઝરાયલનો હાથ છે. ઈઝરાયેલ જોકે તેના વિશે કોઈ ટિપ્પણી નથી કરી, પરંતુ આજે લેબેનોન સહિત આખી દુનિયા આશંકિત છે કે શું ક્યારેક તેમના મોબાઈલ ફોન, કમ્પ્યૂટર, લેપટોપ જેવા ઉપકરણોનો યુદ્ઘક રૂપે ઉપયોગ થઈ શકે છે? શું દુનિયા એ દોરમાં પહોંચી ગઈ છે કે જ્યાં કોઈ દેશ પોતાના શત્રુના સૈનિકો-નાગરિકોને કોઈ વાસ્તવિક જંગ છેડ્યા વિના ઘેરબેઠાં માત્ર એક બટન દબાવીને નુક્સાન પહોંચાડી શકે છે?

કહેવાય છે કે યુદ્ઘમાં બધું જ જાયજ છે. લેબેનોને જ્યારે આ સવાલ આંતરરાષ્ટ્રીય સંગઠનોને પૂછ્યો તો પ્રતિક્રિયામાં પેજર અને વોકીટોકીને હુમલાનો રસ્તો બનાવવાને અનૈતિક અને યુદ્ઘ અપરાધ કહેવામાં આવ્યો. અસલમાં છેલ્લા એક વર્ષથી ઈઝરાયલ ગાઝાપટ્ટીમાં આતંકી સંગઠન હમાસના સહયોગી હિઝબુલ્લા સાથે યુદ્ઘની સ્થિતિમાં છે. આ યુદ્ઘમાં જેનો જ્યાં દાવ લાગી રહ્યો છે, તે એ રીતે પોતાના શત્રુ પર હુમલા કરી રહ્યું છે. આ યુદ્ઘમાં પોતાના તરફથી આ દેશો કેટલીય એવી સાવધાની પણ રાખી રહ્યા છે, જેથી તે પોતાના દુશ્મનની નજરમાં ન આવે. જેમ કે હિઝબુલ્લાના શીર્ષ નેતૃત્વએ પોતાના આતંકીઓને સંચાર માટે મોબાઈલ કે ઈન્ટરનેટને બદલે પેજર નામનું ઉપકરણ વાપરવાના આદેશ આપ્યા જેમાં કોઈ સિમ કાર્ડ જેવી ચીજ નથી હોતી. પેજર મોબાઈલ ફોન પહેલાંના જમાનાની ટેકનિક છે. તેના દ્વારા લગભગ કોઈ સંદેશ અંકો અને અક્ષરોના આદાન-પ્રદાન સુધી સીમિત રહે છે. પેજરની ખાસિયત એ છે કે તેના વપરાશકર્તાની હાલની સ્થિતિ એટલે કે લોકેશનની ખબર નથી પડતી. એ જ રીતે વોકીટોકીથી પણ સંદેશ પ્રાપ્ત કરી અને મોકલી શકાય છે. પરંતુ એક સમયે એક જ વ્યક્તિ વાત કરી શકે છે. તે બેટરીથી ચાલે છે અને તેને સેલ્યુલર નેટવર્કની જરૂર નથી હોતી. હિઝબુલ્લાને એક ખતરો રહ્યો છે કે ઈઝરાયલની સેના અને તેની ગુપ્તચર એજન્સી મોસાદ તેના આતંકીઓનું લોકેશન ખોળતી રહે છે. તેથી તેણે પોતાના આતંકીઓને ઓછી ટેકનિક ક્ષમતાવાળા પેજર અને વોકીટોકી વાપરવા આપ્યા. પરંતુ હાલના હુમલાએ સાબિત કરી દીધું કે માત્ર પેજર અને વોકીટોકી જ નહીં, દરેક પ્રકારન ાઉપકરણો હથિયારમાં તબદીલ થઈ શકે છે, માત્ર તેના નિર્માણની પ્રક્રિયા અને સપ્લાય ચેનમાં ગાબડું પાડવામાં આવે. મોસાદે એવું જ કરીને પેજર-વોકીટોકીમાં વિસ્ફોટક લગાવી દીધા હશે. આ વિસ્ફોટક એ પ્રકારે લગાવાયા હતા કે તેમને કોઈ સંદેશ મોકલીને સક્રિય કરી શકાય.

એમ તો રેડિયો ફ્રિક્વન્સી પર ચાલતા પેજર અને વોકીટોકી બહુ જૂની ટેકનિક છે, પણ હજુ ય તે ઘણા દેશોમાં વપરાય છે. ખાસ કરીને ત્યાં, જ્યાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી થઈ શકતું. તેની બેટરી લાઈફ સારી હોય છે તેથી આપાત સ્થિતિમાં મોબાઈલના મુકાબલે વધુ વિશ્વસનીય સંચાર ઉપકરણ સાબિત થાય છે. પેજરની સંરચનામાં એન્ટેના સ્પીકર, માઈક્રોફોન, બેટરી, ટ્રાન્સમીટર અને રિસીવર હોય છે. સ્પીકર અને માઈક્રોપોનને બાદ કરતાં બાકી ત્રણેય વિસ્ફોટકના કન્ટેનરનું કામ કરી શકે છે. એટલું જ નહીં આ ઉપકરણોમાં બેટરીની આસપાસ એટલી ખાલી જગ્યા હોય છે, જ્યાં નાનો-મોટો વિસ્ફોટક લગાવી શકાય છે. અહીં એક મોટો સવાલ પેદા થયો છે. તે એ કે આ રીતે તો મોબાઈલ ફોન, સ્માર્ટ ટીવી, માઈક્રોવેવ, રેફ્રિજરેટર સહિત દરેક ઉપકરણને હેક કરી શકાય છે અને તેને યુદ્ઘક હથિયારમાં ફેરવી શકાય છે.

એમાં શંકા નહીં કે જો કોઈપણ ઉપકરણ નિર્માણ અને પૂરવઠા પ્રક્રિયામાં કોઈ દેશ યુદ્ઘના ઈરાદે ચેડાં કરે તો એ ઉપકરણોને યોગ્ય સમયે નિર્દેશ આપીને વિસ્ફોટ કરવા અથવા કોઈ અન્ય ગરબડ કરવા માટે સેટ કરી શકાય છે. તેમાંથી મોબાઈલ અથવા કહો કે સ્માર્ટફોન તો પોતાની અત્યાધુનિક કાર્યપ્રણાલીઓ અને વાયરલેસ કનેક્ટિવિટીને કારણે પેજર અને વોકીટોકીની તુલનામાં ક્યાંય વધારે અસુરિક્ષત છે. ઈન્ટરનેટ, જીપીએસ ટ્રેકિંગ અને રિમોટ કંટ્રોલ વગેરે જે સગવડોએ મોબાઈલ ફોનને અત્યધિક સુવિધાજનક ઉપકરણમાં તબદીલ કર્યો છે, તે તમામ તેને જંગનું સૌથી ખતરનાક હથિયાર બનાવવામાં કારગત બની શકે છે. સેના કે મોટી એજન્સીઓ તેને હેક કરીને એના પર કોલ અને મેસેજ મોકલીને વિસ્ફોટ સુદ્ઘાં કરી શકે છે. મોબાઈલ ફોન તો એમ પણ પોતાની લિથિયમ આયન બેટરીઓ સાથે સંકળાયેલી સમસ્યાઓ માટે પહેલેથી જ કુખ્યાત છે. વધુ ગરમ થતાં તેમાં આપોઆપ વિસ્ફોટ થઈ જવાના કેટલાય કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. શોર્ટ સર્કિટ થતાં લિથિયમ આયન બેટરી ફાટવાની સમસ્યા બહુ સામાન્ય છે. એમ તો સ્માર્ટફોનમાં બેટરી મેનેજમેન્ટ સિસ્ટમને પેજર અને વોકીટોકીના મુકાબલે વધુ સચોટ માનવામાં આવે છે.

# જ્યારે તમે પહેલીવાર થ્રેડિંગ થેરપી કરાવો તો આ બાબતોનું રાખો ધ્યાન

હકીકતમાં થ્રેડિંગ થેરપી એટલે કોટનના દોરાનો ઉપયોગ કરીને ભમરના વાળ દૂર કરવાની પ્રક્રિયા. આના દ્વારા બિનજરૂરી વાળ દૂર કરીને ચહેરાને સુંદર અને સુડોળ બનાવી શકાય છે. તેનાથી ચહેરાને સુંદર આકાર પણ મળે છે, જેનાથી તમારી સુંદરતા વધી જાય છે. તેમજ પરંપરાગત સુતરાઉ થ્રેડ વડે કરવામાં આવતી આ થ્રેડિંગ થેરપીથી ચહેરા અને ગરદનની આસપાસની લચીલી ત્વચા કોઈપણ જોખમ વિના દૂર થઈ જાય છે. ઉપરાંત, ચહેરાની ત્વચા નિસ્તેજ દેખાવાને બદલે આકર્ષક દેખાવા લાગે છે. પરંતુ જો તમે આઈબ્રો થેરપી અથવા થ્રેડિંગ થેરપી દ્વારા આ પરિણામો મેળવવા માગતા હો, તો હંમેશા એક વાતનું ધ્યાન રાખો કે જ્યાં પણ તમે આ થેરાપી કરાવો ત્યાં પહેલા ખાતરી કરો કે તેના માટે જે દોરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે શુદ્ધ સુતરાઉ દોરો જ છે. હા, આજકાલ કેટલાક લોકો આ હેતુ માટે મજબૂત પ્લાસ્ટિકના દોરાનો પણ ઉપયોગ કરે છે, પરંતુ તે પાતળા શુદ્ધ કોટનના દોરાથી કરાતી થ્રેડિંગ સમાન ફાયદા આપતા નથી. સિન્થેટિક અથવા પ્લાસ્ટિક થ્રેડથી ચેપ લાગવાનું જોખમ પણ છે.

થ્રેડિંગ પહેલાં ચહેરા પર કોઈ પ્રકારનો મેક-અપ ન હોવો જોઈએ. જો મેકઅપ હોય તો તેને દૂર કરવો પડશે, કારણ કે કેટલીકવાર થ્રેડિંગ દરમિયાન આંખમાંથી આંસુ આવે છે અને ઘણા લોકોને છીંક પણ આવે છે. આનાથી મેકઅપ બગડી શકે છે. તેથી મેકઅપ કર્યા પછી ક્યારેય પણ થ્રેડિંગ ન કરાવવું જોઈએ. જ્યારે પણ થ્રેડિંગ કરવાનું હોય, ચહેરા પર મેકઅપ લગાવવાનું ટાળો, જેથી થ્રેડિંગ કર્યા પછી મોંના આકાર – પ્રકારનો ખ્યાલ આવે સાથે થ્રેડિંગથી ચહેરો કેવો લાગી રહ્યો છે એ પણ માલૂમ પડે.

જો તમે પહેલીવાર થ્રેડિંગ થેરપી કરાવી રહ્યા છો, તો એ પણ ધ્યાનમાં રાખો કે કોઈ મોટા પ્રસંગ પહેલા તેને કરાવવાનું જોખમ ન લો. કારણ કે ઘણી વખત થ્રેડિંગ કર્યા પછી ત્વચા થોડા સમય માટે લાલ થઈ જાય છે અને કેટલાકને તો ત્વચા ઉપસી જાય છે. તેથી, ઘણી વાર મીટિંગ પહેલાં અથવા ફંક્શનના થોડા કલાકો પહેલાં કરવામાં આવતી થ્રેડિંગ થેરપી તમને દરેકની વચ્ચે બેડોળ બનાવી શકે છે, કારણ કે જો ચહેરા પર ઘણી જગ્યાઓ લાલ ફોલ્લીઓ જેવી દેખાશે અથવા ત્વચા થોડી ફૂલેલી દેખાશે છે, તો તે વિચિત્ર દેખાશે. જો તમે પહેલીવાર થ્રેડિંગ થેરપી કરાવી રહ્યા છો, તો એ પણ ધ્યાનમાં રાખો કે તમને દુખાવો થઈ શકે છે. તેથી, તમારી સાથે પેઈનકિલર્સ દવાઓ પણ રાખો. જો તમને એવું લાગે કે વાળ કાઢવાથી તમારો જીવ જાય છે, તો પછી પેઈનકિલર્સ ખાઈ લો અથવા જો થ્રેડિંગ પછી જબરદસ્ત પીડાથી ઘેરાયેલા હોવ તો પણ તેનો ઉપયોગ કરો. એનાથી થ્રેડિંગ આરામદાયક લાગશે.

થ્રેડિંગ થેરપીનો સંપૂર્ણ લાભ મેળવવા માટે, કેટલીક અન્ય બાબતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે. ઉદાહરણ તરીકે, જો તમે એક જ દિવસે થ્રેડિંગ અને ફેશિયલ કરાવવા માંગતા હો, તો પહેલા થ્રેડીંગ કરાવો અને પછી ફેશિયલ કરાવો. તેનાથી તમારી ત્વચાના રોમછિદ્રો ખૂલી જશે અને પછી મસાજ કરવાથી તેને પોષણ મળશે, જેના કારણે થ્રેડિંગ પછી લાલ પિમ્પલ્સનો ખતરો ઓછો થઈ જશે. પરંતુ એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે જો તમે તમારા જીવનમાં પહેલીવાર આઈબ્રો થ્રેડિંગ કરાવી રહ્યા છો તો કેટલીક બાબતો ધ્યાનમાં રાખો. સૌ પ્રથમ, તમારે જાણવું જોઈએ કે તમે થ્રેડિંગ થેરપીથી શું હાંસલ કરવા માગો છો? ઈન્ટરનેટ દ્વારા જાણો તમારા ફેસ કટ પ્રમાણે આઈબ્રો થ્રેડિંગની કઈ સ્ટાઈલની આઈબ્રો તમારા ચહેરા પર આકર્ષક લાગશે? એલોવેરા જેલ બર્નિંગ સેન્સેશનથી બચાવે છે એલોવેરા ખરેખર મેકઅપ ફ્રેંડલી છે. તેથી, જો તમારી ત્વચામાં થોડી બળતરા થતી હોય, તો તેને ઝડપથી ઘટાડવાનો એકમાત્ર રસ્તો એલોવેરા જેલનો ઉપયોગ છે. પણ હા, તમારી ત્વચાને જે એલોવેરા જેલ સૂટ થતું હોય તેનો જ ઉપયોગ કરો. ઘણી વાર અચાનક નવી બ્રાન્ડની પ્રોડક્ટ આપણી ત્વચાને સૂટ નથી કરતી અને તે આરામને બદલે અગવડતા પેદા કરે છે.જ્યારે એકવાર તમે શરૂ કરો એકવાર આઈબ્રો થ્રેડિંગની પ્રક્રિયા શરૂ થઈ જાય, પછી જ્યારે પણ આઈબ્રોમાં એક્સ્ટ્રા વાળ દેખાવા લાગે, ત્યારે ફરીથી થ્રેડિંગ કરવું જોઈએ. કારણ કે જો તમે તેને અવગણશો તો આઈબ્રો આડેધડ અને નવો આકાર લઈ શકે છે.

# હાર્ટ એટેકનું જોખમ

આજના સમયમાં, ખરાબ જીવનશૈલી અને ખાવાની આદતોના કારણે, લોકો ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેમાં ખરાબ કોલેસ્ટ્રોલ લેવલ, હાર્ટ એટેક, સ્ટ્રોક, હાઈ બ્લડ પ્રેશર અને નર્વ ડેમેજ જેવી ગંભીર સમસ્યાઓ સામેલ છે. અહેવાલો અનુસાર જો તમે શારીરિક રીતે સક્રિય ન હોવ અને તેલયુક્ત ખોરાકનું વધુ પડતું સેવન કરો છો, તો તે શરીરમાં કોલેસ્ટ્રોલ વધારે છે. શરીરમાં કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રણમાં રાખવા માટે, ખાવાની સારી આદતોની સાથે, કેટલીક આયુર્વેદિક ઔષધોનો પણ સમાવેશ કરી શકાય છે. ચાલો જાણીએ કઇ ઔષધિઓ છે જે ખરાબ કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરે છે?



ખરાબ કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવા માટે આદુનું સેવન ખૂબ જ સ્વાસ્થ્યપ્રદ હોઈ શકે છે . વાસ્તવમાં, આદુમાં બાયોએક્ટિવ કમ્પાઉન્ડ હોય છે, જે લોહીમાં કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. જો તમે ખરાબ કોલેસ્ટ્રોલના સ્તરને ઓછું કરવા માંગો છો, તો તમારા આહારમાં નિયમિતપણે આદુનો ૧ ઈંચનો ટુકડો સામેલ કરો.

શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલને ઓગાળવા માટે મેથીના દાણાનું સેવન કરો . મેથીના દાણામાં વિટામિન સી અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે, જે ઘણી બીમારીઓને રોકવામાં મદદરૂપ થઈ શકે છે. આ માટે તમે દરરોજ મેથીના દાણામાંથી બનાવેલું ૧ ગ્લાસ પાણી પી શકો છો.

શરીરમાં કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવા માટે તમે અશ્વગંધાનું સેવન કરી શકો છો, આ હૃદય રોગથી બચવા માટે મહત્વપૂર્ણ છે. જો તમે ડૉક્ટરની સલાહ પર અશ્વગંધાનું નિયમિત સેવન કરો છો, તો તેનાથી કોલેસ્ટ્રોલના સ્તરને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

આમળામાં વિટામિન, ફાઈબર, ફોલેટ, એન્ટીઓક્સીડેન્ટ્સ, ફોસ્ફરસ અને આયર્ન જેવા ઘણા પ્રકારના પોષક તત્વો હોય છે, જે લોહીમાં ખરાબ કોલેસ્ટ્રોલના સ્તરને ઘટાડવામાં અસરકારક સાબિત થઈ શકે છે. કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે તમે રોજ અડધો આમળાનું સેવન કરી શકો છો. આ સિવાય તમે આમળામાંથી તૈયાર કરેલી ચટણીનું સેવન કરી શકો છો.તુલસીના પાનમાં ટીર્હઅ ્ હોય છે, જે લોહીમાં કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે. તુલસીના પાનમાં હાજર એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિફંગલ ગુણો શરીરની ઝેરી અસર ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે.

# મંદિરોને સરકારી નિયંત્રણોથી મુક્ત કરવા જોઈએ

ગત દિવસોમાં આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એમ કહીને સનસનાટી મચાવી દીધી કે પૂર્વવર્તી જગનમોહન રેડ્ડીના શાસનમાં તિરુપતિ મંદિરના લાડુના પ્રસાદમાં ચરબીયુક્ત ઘીનો ઉપયોગ થયો હતો. ઉલ્લેખનીય છે કે તિરુપતિ મંદિરનું વ્યવસ્થાપન તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ એટલે કે ટીટીડી નામનું સરકારી ટ્રસ્ટ કરે છે. ટીટીડીના કાર્યકારી અધિકારી જે.શ્યામલા રાવે જણાવ્યું કે નવી સરકાર બન્યા બાદ ટીટીડીના નવા કાર્યકારી અધ્યક્ષ રૂપે તેમણે પ્રસાદમાં વપરાતા ઘીની ગુણવત્તા તપાસવાના આદેશ આપ્યા હતા. ઘી પૂરું પાડતી પાંચ કંપનીઓમાંથી એક એઆર ડેરીના નમૂનાઓમાં ભારે ગરબડ જોવા મળી. ઘીની શુદ્ઘતા એસ વેલ્યૂમાં માપવામાં આવે છે અને તેનો નિર્ધારિત માપદંડ ૯૫.૬૮ થી લઈને ૧૦૪.૩૨ની વચ્ચે રહેવો જોઈએ, પરંતુ એઆર ડેરીના સેમ્પલની એસ વેલ્યૂ માત્ર ૧૯.૭૨ જોવા મળી. સેમ્પલના આટલા નિમ્ન સ્તરને જોતાં તેના ઘીમાં ચરબી એટલે કે બીફ ટેલો, સૂવરની ચરબી અને માછલીના તેલના મિશ્રણની આશંકા વ્યક્ત કરવામાં આવી. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે એઆર ડેરીને જ દ્રમુક શાસનકાળમાં તમિલનાડુના પલની મંદિરમાં પણ ઘી પૂરું પાડવાનો કોન્ટ્રાક્ટ મળેલો છે.

જોકે જગન રેડ્ડી અને એઆર ડેરીએ આરોપોને નિરાધાર ગણાવ્યા છે, પરંતુ કેટલાક નમૂનાના લેબ રિપોર્ટ કંઈક બીજી જ કહાની કહે છે. એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે તિરુપતિ જેવા સંપન્ન મંદિરમાં જે પ્રસાદને શ્રદ્ઘાળુ પૈસા આપીને ખરીદે છે, ત્યાં સરકારી કંપની કેએમએફના ભરોસેમંદ ઉત્પાદન નંદિનીને છોડીને અજાણી કંપનીઓ પાસેથી ઘી કેમ લેવામાં આવે છે? હિંદુ વિરોધી છબિથી ગ્રસ્ત જગન રેડ્ડી અને દ્રમુક સરકારો દ્વારા એક જ ડેરીને કોન્ટ્રાક્ટ આપવો પણ અસામાન્ય લાગે છે. ઘીમાં પશુ ચરબી હોવાનો આરોપ અત્યધિક ગંભીર છે. ધ્યાન રહે કે ભૂતકાળમાં છેતરપિંડીથી ગૌમાંસ ખવડાવીને હિંદુઓ સામે ધર્માંતરણ માફિયાએ ધર્મ ભ્રષ્ટ થવાનો ડર અને એવી સ્થિતિમાં ધર્માંતરણને જ એકમાત્ર સમાધાન ગણાવીને ધર્માંતરણ કરાવ્યાં છે. જગન રેડ્ડી દ્વારા આરોપોના ખંડન પર એટલા માટે પણ ભરોસો કરવો મુશ્કેલ છે, કારણ કે ટીટીડી પર કબ્જા અને તેની ગતિવિધિઓમાં તેમના પિતા વાય.સેમ્યુઅલ રાજશેખર રેડ્ડીનો રેકોર્ડ પણ વિવાદાસ્પદ રહ્યો છે. ઈસાઇ મૂળના પિતા-પુત્રએ એવા બે લોકોને ટીટીડીના મુખ્ય કાર્યકારી અધિકારી બનાવ્યા, જેમના પર ઈસાઇ હોવાના આરોપ લાગ્યા. જોકે આ બંને અધિકારીઓ કરુણાકર રેડ્ડી ભૂમના અને વાયવી સુબ્બા રેડ્ડીએ આ આરોપોનું ખંડન કર્યું, પરંતુ ભૂમનાની પુત્રીના ઈસાઇ પદ્ઘતિથી વિવાહના વીડિયો વાયરલ થઈ ગયા. નક્સલી પૃષ્ઠભૂમિથી આવેલા કરુણાકર રેડ્ડીનું એવું નિવેદન પણ જાહેર છે, જેમાં તેણે ભગવાન વેંકટેશ્વરની મૂર્તિને કાળો પથ્થર ગણાવીને તેને ચપ્પલથી પીટવાની વાત કહી છે. પેરિયાર જેવાં ઘૃણિત નિવેદનો આપનારા વ્યક્તિને રેડ્ડી પિતા અને પુત્રએ બે વખત ટીટીડીનો અધ્યક્ષ બનાવ્યો!

રેડ્ડી પિતા-પુત્રની દાનત પર એટલા માટે પણ સવાલ ઊઠે છે, કારણ કે તેઓ પોતાના ખાસ સંબંધીઓને ટીટીડી અધ્યક્ષ પદ ચાલુ રાખવા માગે છે. ભૂમના અને વાયવી રેડ્ડી બંને જગનના નજીકના સંબંધી છે. તિરુપતિ સ્થિત તિરુમલાની સાત પહાડીઓને ભગવાન વેંકટેશ્વરનો પૃથ્વી પરનો નિવાસ માનવામાં આવે છે અને અહીં કોઈ બીજા મજહબનાં ઉપાસના સ્થળ બનાવવાની મનાઈ છે, પરંતુ રાજશેખર રેડ્ડીના મુખ્યમંત્રી કાળ અને કરુણાકર રેડ્ડીના ટીટીડી કાર્યકારી અધિકારી રહેતાં બંનેએ પવિત્ર ક્ષેત્રને માત્ર બે પહાડીઓ સુધી જ સીમિત કરવાનો પ્રયાસ કર્યો. એ દરમ્યાન જ તિરુપતિમાં કેટલાંય ચર્ચ અને એક મોટી મસ્જિદ અસ્તિત્વમાં આવી અને ટીટીડીમાં ઘણા બિન-હિંદુઓને પણ નોકરી મળી ગઈ. તેની સાથે જ તિરુપતિમાં અમ્યૂઝમેન્ટ પાર્ક જેવાં મનોરંજન સ્થળોને ઉત્તેજન આપીને હિંદુ આસ્થાના એક મોટા તીર્થની પવિત્રતાને ખરડવાના પ્રયાસ પણ થયા.

તિરુપતિ પ્રસાદ પર પેદા થયેલ હાલનો વિવાદ હિંદુ આસ્થા પર ભીષણ આઘાત છે. શ્રીશ્રી રવિશંકર સહિત કેટલાય આધ્યાત્મિક ગુરુઓએ આ પ્રકરણની તુલના ૧૮૫૭ની ક્રાંતિમાં ગૌમાંસથી ભરેલી કારતૂસોના ઉપયોગતી પેદા થયેલ ઉત્તેજનાત્મક કૃત્ય સાથે કરી છે. આ દુઃખદ સ્થિતિ એટલા માટે પેદા થઈ, કારણ કે સરકારી નિયંત્રણ હોવાને કારણે મોટાં મોટાં મંદિરો બિનહિંદુ અને નાસ્તિકોના કબ્જામાં આવતાં રહ્યાં છે. એવી સ્થિતિમાં જ્યાં સુધી કોઈ સંસ્થાને લઈને સ્પષ્ટ કાયદા ન હોય, બંધારણના અનુચ્છેદ ૧૨ અંતર્ગત એ તમામ સંસ્થાઓ પણ રાજ્યની પરિભાષામાં આવી જાય છે, જેના પર સ્થાયી કે અસ્થાયી રૂપે સરકારી નિયંત્રણ હોય. એવામાં નિયુક્તિઓ, ખરીદી અને વ્યવસ્થાપન વગેરે પર રાજકીય નીતિઓ જ લાગુ થાય છે. આ કારણે બિનહિંદુઓની નિયુક્તિઓ કાયદાસંમત થઈ જાય છે, જેનો ઉપયોગ ખરાબ દાનતવાળા નેતા હિંદુઓને ચીડવવા માટે અને તેમની આસ્થા પર આઘાત કરવા માટે કરે છે. આજે તિરુપતિ પ્રસાદમાં ચરબીનો મામલો છે તો ક્યારેક મંદિરોથી મૂર્તિઓની ચોરી, ઘરેણાંની ચોરી અને મંદિરોની જમીન હડપવાના સમાચારો પણ આવતા રહે છે.

તિરુપતિ મંદિરની ઠીક સામે ઈસાઇયતના પ્રચારને ઉત્તેજન આપવામાં આવે છે. હિંદુઓ દ્વારા મંદિરો પર શ્રદ્ઘાપૂર્વક ચડાવેલા ચઢાવાનો બિનધાર્મિક કાર્યોમાં કરાતો ઉપયોગ દાનરાશિની સરકારી લૂંટનું માધ્યમ બની ગયું છે. તિરુપતિમાં થયેલ હાલના અનાચાર બાદ એ ચોંકાવનારાં તથ્ય સામે આવ્યાં કે વાર્ષિક લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાનો ચઢાવો પ્રાપ્ત કરનારા મંદિરમાં પ્રસાદ સામગ્રીની ગુણવત્તા તપાસવા માટે એક નાનકડી પ્રયોગશાળા પણ નથી. આ પ્રકરણમાં જે રીતે હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડવામાં આવી, તેને જોતાં દોષીઓને એવી સજા મળવી જોઈએ, જે એક દૃષ્ટાંત બને. તેની સાથે જ હિંદુ મંદિરોને સરકારી નિયંત્રણથી મુક્તિ પણ મળવી જોઈએ. તેના માટે એ પણ જરૂરી છે કે હિંદુ સમાજ ખુદ સરકાર સમક્ષ મંદિર મેનેજમેન્ટ અને પ્રશાસનનું એક સર્વસમાવેશી અને મજબૂત માળખું રજૂ કરે. જો આટલા ગંભીર પ્રકરણ બાદ પણ મંદિરોને હિંદુ નિયંત્રણમાં પાછા આપવાની કવાયત શરૂ નથી થતી તો આ પ્રકરણ પર ઉપજેલો આક્રોશ વ્યર્થ છે. અન્ય સમુદાયોને પોતાનાં ધર્મસ્થળોની દેખરેખનો જેવો અધિકાર છે, તેવો જ હિંદુઓને કેમ નથી?

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com





# મને બાળક આવ્યા બાદ ભાભી પ્રકારના રોલ મળવા લાગ્યા : રુબિના દિલૈક

## રૂબિના દિલૈક અને અભિનવ શુક્લાને ત્યાં ગયા વર્ષે નવેમ્બર મહિનામાં જોડીયા દિકરીઓ જીવા અને એદાનો જન્મ થયો

ટીવીના જાણીતા કલાકારો રૂબિના દિલૈક અને અભિનવ શુક્લાને ત્યાં ગયા વર્ષે નવેમ્બર મહિનામાં જોડીયા દિકરીઓ જીવા અને એદાનો જન્મ થયો. ત્યારે હવે ફરી રૂબિના કામ કરવા માટે તૈયાર છે. તાજેતરમાં તેણે તેની સામે માતા બન્યા પછી આવી રહેલાં પડકારો વિશે વાત કરી હતી. રૂબિના હાલ પોતાનો ચૅટ શો ‘કિસીને બતાયા નહીં’ હોસ્ટ કરી રહી છે. તેમાં તે પૅરેન્ટિંગને લગતી વાતો કરે છે. તાજેતરનાં તેના એપિસોડમાં જાણીતો કલાકાર શરદ કેલકર આવ્યો હતો, ત્યારે રૂબિનાએ પોતાના પડકારો અંગે પણ ખુલાસો કર્યો હતો.

ઈન્ડસ્ટ્રીમાં રહેલાં મહિલા કલાકારો માટેના ભેદભાવ અંગે વાત કરતાં રૂબિનાએ કહ્યું, ‘‘જ્યારે ફિમેલ એક્ટર્સને બાળક આવે છે, ત્યારે તેઓ ડિલીવરી પછી વજન ઘટાડી દે તો પણ તેમને એક જ પ્રકારના બીબાંમાં બંધ કરી દેવામાં આવે છે. મને ભાભી પ્રકારના રોલ મળવા માંડ્યા છે.’’ આ વાતના પ્રતિસાદમાં શરદે કહ્યું હતું, ‘‘હું તમને કહું, આ બહુ ક્રૂર સત્ય છે, પરંતુ આ જ હકીકત છે, તમે તે નકારી ન શકો. એક પુરુષ કલાકારની મુખ્ય કલાકાર તરીકેની કારકિર્દી મહિલા કલાકાર કરતાં લાંબી હોય છે..તેમાં ભેદભાવ નથી, પરંતુ એ જ પ્રેક્ટિકલ છે. કારણ કે તમે ૧૮ વર્ષે મુખ્ય કલાકાર તરીકે કામ કરવાનું શરૂ કરી દીધું અને તમે કમ સે કમ ૧૦ વર્ષ સુધી ટીવીના સ્ટાર હતાં. હવે બીજાનો વારો છે.’’ રૂબિનાએ ૨૦૨૩ના એક ઈન્ટરવ્યુમાં નવી બનેલી મા તરીકે વાત કરતાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, ‘‘મારી આ પહેલી પ્રેગ્નન્સી હતી, જેમાં મારે જોડીયાં દિકરીઓ આવી, તેથી અમારી પાસે સહેલાં કે અઘરાનાં કોઈ ઉદાહરણ કે ધારાધોરણો હતાં નહીં. અમે આ નવ મહિના દરમિયાન અમારા મનથી તૈયારીઓ કરી રહ્યાં હતાં. એક બાળક હોય કે બે, તૈયારીઓ તો સરખી જ હોય છે. એક સાથે ઘણું ચાલી રહ્યું છે, એ મારા માટે જ નહીં પણ સમગ્ર પરિવાર માટે એક પડકાર છે. બધાં જ આ નવી લાઈફમાં એડજસ્ટ કરવાની કોશિશ કરી રહ્યાં છે.’’ રૂબિના ‘છોટી બહુ’, ‘શક્તિ’, ‘પુનર્વિવાહ —એક નયી ઊડાન’ તેમજ ‘જિની ઔર જૂજૂ’ જેવા શો કરી ચૂકી છે. તેમજ તે બિગબોસ ૧૪ની વિજેતા રહી ચૂકી છે અને ‘ફિઅર ફેક્ટર’, ‘ખતરોં કે ખિલાડી ૧૨’ અને ‘ઝલક દિખલા જા ૧૦’માં ભાગ લઈ ચૂકી છે, જેમાંથી ઝલક શોમાં તે બીજા નંબરે રહી હતી.

### વિદ્યાની શાસ્ત્રીય ગાયિકા એમએસ સુબ્બુલક્ષ્મીને ખાસ ટ્રીબ્યુટ

# વિદ્યાએ એમએસ બ્લ્યૂ સાડી પહેરીને વિદૂષી સુબ્બુલક્ષ્મીને યાદ કર્યા



પંડિત જવાહરલાલ નહેરુએ જેમને ‘ધ કવીન ઓફ મ્યુઝિક’ કહ્યાં હતાં એવા કર્ણાટકી શાસ્ત્રીય સંગીતના ગાયિકા ભારત રત્ન એમ એસ સુબ્બુલક્ષ્મીનાં જન્મનું આ ૧૦૮મું વર્ષ છે. આ ખાસ ઉજવણીના ભાગરૂપે વિદ્યા બાલને સોશિયલ મીડિયા દ્વારા તેમને ખાસ ફોટોગ્રાફીક ટ્રીબ્યુટ આપી છે. ખાસ વાત એ છે કે સુબ્બુલક્ષ્મીને બ્લ્યૂ કાંચીપુરમ સિલ્કની સાડી પહેરીને પર્ફોર્મ કરવું બહુ ગમતું હતું અને તેમાં પણ એક ગળી બ્લ્યૂ પ્રકારનો શેડ તેમનો ખાસ પસંદગીનો કલર હતો, જે તેમની ઓળખ બની ગયો હતો અને તેથી તેને એમએસ બ્લ્યૂ કલર કહેવાતો. વિદ્યાએ એમએસને શ્રદ્ધાંજલી આપવા આ રંગની સાડી પણ પહેરી હતી. પોતાની પોસ્ટની કૅપ્શનમાં વિદ્યાએ લખ્યું હતું, ‘‘આ ફીચરમાં એમ એસ અમ્માએ ૬૦ અને ૮૦ના દાયકામાં જે ચાર સાડીઓ પહેરીને તેને ખાસ લોકપ્રિય બનાવેલી એવી તેમની ઓળખ સમાન કોન્સર્ટનું ખાસ વ્યક્તિત્વ દર્શાવવાની કોશિશ કરી છે. આ સમૃદ્ધ પરંપરા દર્શાવતી સાડીઓ એક તરફ તેમની ઓળખ હતી તો બીજી તરફ તેમના દેખાવની બીજી ઓળખ કપાળ પર રહેલો પરંપરાગત કુમકુમ અને વિભુતિનો ચાંલ્લો, નાકની બંને બાજુએ ખાસ પ્રકારની ચુંક તેમજ કોંડાઈ (અંબોડો)માં મોગરાની માલ્લિપૂ(વેણી)એ તેમની ઓળખ હતી.’’ એમ એસ સુબ્બુલક્ષ્મી એક માત્ર એવાં ગાયિકા છે, જેમના નામથી કોઈ રંગ લોકપ્રિય થયો હોય. ત્યારે આ શૂટ કરનારાં પાર્થસારથીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, ‘‘સિકિલ માલા ચંદ્રશેખર, દક્ષિણ ભારતીય કર્ણાટકી સંગીતના વાંસળીવાદક અને સુબ્બુલક્ષ્મીના પૌત્રવધુને આ સાડી એટલી ગમી ગઈ કે તેમણે પોતાના લગ્ન માટે તેની રેપ્લિકા બનાવડાવી હતી. સુબ્બુલક્ષ્મીના કાર્યક્રમ દરમિયાનના જે કોઈ ફોટો છે, તે મોટા ભાગના બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટો છે, તેથી તમારે ચોક્કસ રંગ ઓળખવા ઘણા અઘરાં પડે.’’ તેમણે આગળ કહ્યું, ‘‘હસ્ત કારીગરોએ મને કહ્યું કે એમ એસ બ્લૂ કલરની ડાય બનાવવી ઘણી મુશ્કેલ છે. તેથી કોઈ સીનિયર કારીગરના માર્ગદર્શન વિના ઘાટા અને આછા રંગનું મિશ્રણ કરવું શક્ય નથી.’’ આ પ્રોજેક્ટ માટે પાર્થસારથીને સુબ્બુલક્ષ્મીનાં પુત્રી રાધા વિશ્વનાથન અને ચંદ્રશેખરે ઘણી મદદ કરી, જેના કારણે તેઓ અમુક સાડીઓની રેપ્લિકા તૈયાર કરાવી શક્યા.

### કર્ણાટકી શાસ્ત્રીય સંગીતના ગાયિકા ભારત રત્ન એમ એસ સુબ્બુલક્ષ્મીનાં જન્મનું આ ૧૦૮મું વર્ષ છે

# ‘વૈતૈયાં’નાં પોસ્ટરમાં અમિતાભનો રજનીકાંતનો ડેપર લૂક દેખાયો હતો





તમિલ સુપર સ્ટાર રજનીકાંતની ફિલ્મ ‘વૈતૈયાં’ની થલાઈવાની ફેન્સ આતુરતુપૂર્વક રાહ જુએ છે. ત્યારે તાજેતરમાં આ ફિલ્મનું પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું છે, સાથે તેની ઓડિયો અને પ્રિવ્યુ લોન્ચ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. ફિલ્મના મેકર્સ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર બે પોસ્ટર શેર કર્યા હતાં, જેમાં રજનીકાંત, અમિતાભ બચ્ચન, રાણા દગ્ગુબાતી અને ફહાદ ફાસિલ દેખાય છે. તેની કેપ્શનમાં લખ્યું હતું, ‘‘તમારા કૅલેન્ડરમાં તારીખ પસંદ કરી રાખો. વૈતૈયંના ઓડિયો અને પ્રિવ્યુ લોંચનો કાર્યક્રમ ૨૦ સપ્ટમ્બરે સાંજે ૬ વાગ્યે યોજાશે. વૈતૈયાં ૧૦ ઓક્ટોબરે તમિલ, તેલુગુ, હિન્દી અને કન્નડામાં રિલીઝ થશે.’’ જ્યારે બીજું એક પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું,

જેમાં ફિલ્મની બધી જ ફિમેલ એક્ટ્રેસ મંજુ વોરિઅર, અભિરામણી, રિતિકા સિંઘ, દુશરા વિજયનને રજનીકાંત અને અમિતાભ બચ્ચન સાથે જોઈ શકાય છે. આ ફિલ્મમાં રજનીકાંત એક નિવૃત્ત પોલિસ અધિકારીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ‘જય ભીમ’ના ડિરેક્ટર ટી.જે. જ્ઞાનવેલ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. જેમાં રજનીકાંત અને અમિતાભ ૧૯૯૧માં આવેલી ‘હમ’ પછી પહેલી વખત એક સાથે જોવા

# ‘ભૂલભુલૈયા’ સાથે ટક્કર લેવાના બદલે અજય દેવગને રિલીઝ ડેટ બદલી હતી





કાર્તિક આર્યનની ‘ભૂલભુલૈયા ૩’ અને અજય દેવગનની ‘સિંઘમ અગેઈન’વચ્ચેના ક્લેશની વાત તો બધાં જ જાણે છે. બંને ફિલ્મના પ્રોડ્યુસર પોતાની તારીખ પર અડી ગયેલાં છે. પરંતુ કાર્તિક આર્યન પોતાની ફિલ્મ રિલીઝ બચાવાવ માટે પોતાનાથી થતાં બધાં જ પ્રયત્નો કરી છૂટવા માગે છે. તે આ ફિલ્મો વચ્ચેને ટક્કર ટાળવા માગે છે. બંને મોટા બજેટની ફિલ્મો છે અને બંનેને ટક્કરના કારણે નુકસાની વેઠવી પડી શકે છે. સૂત્રોના આધારે એવા કેટલાંક અહેવાલો આવી રહ્યા છે કે કર્તિક આર્યને ફોન કરીને રોહિત શેટ્ટીને વિનંતિ કરી છે કે તેઓ ‘સિંઘમ અગેઈન’ની રિલીઝ બદલે. ત્યારે હવે એવું લાગી રહ્યું છે કે રોહિત શેટ્ટી અને અજય દેવગન બંને આ વિનંતિને ધ્યાનમાં લેશે. એક સૂત્ર દ્વારા જાણવા મળ્યું છે, ‘‘કાર્તિક આર્યને રોહિત શેટ્ટીને ફોન કરીને તેમની ફિલ્મની રિલીઝ ડેટ બદલવા વિનંતિ કરી છે. કાર્તિક ૧ નવેમ્બરે ‘ભૂલભુલૈયા’ રિલીઝ કરવા માગે છે. તેથી તેણે રોહિત શેટ્ટીને ‘સિંઘમ અગેઈન’ ૧૫ નવેમ્બરે રિલીઝ કરવા વિનંતી કરી છે. ટક્કર થવાને બદલે જો બંને ફિલ્મો વચ્ચે બે અઠવાડિયાનો સમય મળે તો બંને ફિલ્મોને ફાયદો થઈ શકે. રોહિતે તેને કહ્યું છે કે તે વિચારીને જવાબ આપશે.’’ ત્યાર બાદ અજય દેવગન અને રોહિત શેટ્ટી વચ્ચે મુલાકાત થઈ હોવાના અહેવાલો પણ છે.



### ૨૫ વર્ષથી બોલિવુડ પર રાજ કરી રહી છે આ અભિનેત્રી

# પ્રથમ અભિનેત્રી બની જેના નામ પર ફિલ્મ ફેસ્ટિવલની ઉજવણી કરાશે

## ભારતમાં કોઈ પણ અભિનેત્રી માટે આ પહેલી વખત છે, કે તેના નામે ફિલ્મ ફેસ્ટિવલ હોય

બોલિવુડની કરિના કપૂર પોતાની એક્ટિંગથી લાખો ચાહકોના દિલ જીતી લીધા છે. કરીના કપૂરને ફિલ્મી દુનિયામાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે, કરીના કપૂર બોલિવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી હિટ ફિલ્મ આપનાર અભિનેત્રીઓમાંથી એક છે. જે ૨ દશકથી લાંબા કરિયર સાથે આજે મોટી ફેન ફોલોઈંગ સાથે ઈન્ડસ્ટ્રીમાં જોડાયેલી છે. હાલમાં તેની ફિલ્મ ધ બર્કિંધમ મર્ડર્સ થિયેટરમાં રિલીઝ થઈ છે. આ સાથે તેમણે પોતાના કરિયરમાં એક મોટી સફળતા પણ મેળવી છે. તેમણે બોલિવુડમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે.આ ઉપલબ્ધિનો જશ્ન મનાવવા માટે પીવીઆર સિનેમાએ તેના નામ પર એક ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે.આ મલ્ટી સિટી ફિલ્મ ફેસ્ટિવલના શાનદાર કરિયરને રજુ કરવામાં આવશે. ફરી એક વખત મોટા પડદા પર તેના કેટલાક પાત્રને પ્રદર્શિત કરવામાં આવશે. ભારતમાં કોઈ પણ અભિનેત્રી માટે આ પહેલી વખત છે. કે તેના નામે ફિલ્મ ફેસ્ટિવલ હોય. દિલીપ કુમાર અને અમિતાભ બચ્ચન એવા ૨ સ્ટાર છે જેને પહેલા જ ફિલ્મ ફેસ્ટિવલ સમર્પિત કરવામાં આવ્યો છે. ફિલ્મ ફેસ્ટિવલનું ટ્રેલર પણ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કરીના કપૂરની સૌથી પસંદગીની ફિલ્મો અને પાત્રની ક્લિપ સામલે હશે. કભી ખુશી કભી ગમ, પૂ, જબ વી મેટ ગીતો પણ સામેલ હશે.તમને જણાવી દઈએ કે, કરીના કપૂરે વર્ષ ૨૦૦૦માં જેપી દત્તાની ફિલ્મ રેફયુઝીથી પોતાના અભિયાનની શરુઆત કરી છે.

ત્યારથી ૫૦થી વધારે ફિલ્મ આપી ચૂકી છે. કરીના કપૂરના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે આવનાર સમયમાં મશહુર નિર્દેશક મેધના ગુલઝારની નવી ફિલ્મ દાયરામાં જોવા મળશે. તેની પાસે રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેન પણ છે. સિંઘમ અગેનમાં અજય દેવગણ , અર્જુન કપૂર, દીપિકા પાદુકોણ, અક્ષય કુમાર , ટાઈગર શ્રોફ અને રણવીર સિંહ પણ મુખ્ય ભૂમિકાઓમાં છે. તમને જણાવી દઈએ કરીના કપૂર ૨ બાળકોની માતા છે. આજે પણ બોલિવુડને હિટ ફિલ્મો આપી રહી છે.

# કેન્સર સામે ઝઝૂમી રહેલી હિના ખાન હવે તદ્દન ફિટ...

બ્રેસ્ટ કેન્સર સ્ટેજ ૩ની સારવાર લઈ રહેલી હિના ખાને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં હિના ખાન બ્રાઈડલના લુકમાં જોવા મળી રહી છે. તેમણે રેમ્પ વોક પણ કર્યુ હતુ. ટીવી સ્ટાર હિના ખાન બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી છે. તેમ છતાં તે લોકો માટે એક પ્રેરણા બની છે. હાલમાં તેના બ્રેસ્ટ કેન્સરના સ્ટેજ ૩ની સારવાર ચાલી રહી છે. તેમ છતાં તેમણે કામમાંથી બ્રેક લીધો નથી. હાલમાં અભિનેત્રી પોતાની હેલ્થને લઈ ચર્ચામાં છે. તે સોશિયલ મીડિયા પર તેના ચાહકો સાથે હેલ્થ અપટેડ શેર કરતી રહી છે.એક બાજુ કીમોથેરાપીની સારવાર ચાલી રહી છે, તો બીજી બાજુ તેમણે પોતાનું કામ પણ ચાલું રાખ્યું છે. હવે અભિનેત્રીએ એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે રેમ્પ વોક કરતી જોવા મળી રહી છે. બ્રાઈડલ લુકમાં હિના ખાન કોન્ફિડન્સ સાથે વોક કરી રહી છે. આ જોઈ ચાહકો પણ ખુશ થયા છે. તેમણે હેવી જ્વેલરી અને બ્રાઈડલ મેકઅપ સાથે પોતાનો લુક કમ્પલીટ કર્યો છે. આ વીડિયો શેર કરી એક નોટ પણ લખી છે.હિનાએ કેપ્ટનશનમાં લખ્યું કે, પપ્પા હંમેશા કહેતા ડેડીસ ગર્લ, ક્યારેય રડવું નહિ. ક્યારેય તમારી મુશ્કેલીઓની ફરિયાદ ન કરો. તમારી જિંદગીનો કંટ્રોલ તમારા હાથમાં હિંમત રાખો અને મુસીબતનો સામનો કરો. એટલા માટે મેરિઝલ્ટ વિશે વિચારવાનું જ બંધ કરી દીધું છે. મે માત્ર એ વસ્તુ પર ધ્યાન આપું છું જે મારા કંટ્રોલમાં હોય. હિના ખાને શેર કરેલા વીડિયોને ચાહકો ખુબ પસંદ કરી રહ્યા છે. આ વીડિયો પર તેના બોયફ્રેન્ડ રોકી જયસવાલે પણ કોમેન્ટ કરી છે. રોકીએ હિનાની પોસ્ટ પર કોમેન્ટ કરતા લખ્યું માય લવ, આ કોમેન્ટ પરથી હિનાના બ્રેકઅપના સમાચારો પર પૂર્ણ વિરામ લાગી ગયું છે. યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ફેમ અભિનેત્રી હિના ખાન હાલમાં મુશ્કેલીમાં જોવા મળી રહી છે.

# ગાંધી જયંતિના દિવસે શહેરમાં ગૌહત્યા અટકાવવા પ્રભાવક રેલી

## ગૌરક્ષા આયોગના ગૌરક્ષકો, હિન્દુ-જૈન ધર્મના સંતો-મહંતો અને જીવદયા પ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા, ગેરકાયદે કતલખાના સીલ કરવા માંગ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨**

ગુજરાત ગૌરક્ષા આયોગ તેમજ જૈન અને હિન્દુ સમાજના જીવદયા પ્રેમીઓએ આજે ગાંધી જયંતિના દિવસે પ્રભાવક રેલી યોજી હતી. જૈન અને હિન્દુ ધર્મના લોકો ઉપરાંત સંતો, મહંતો તેમજ ગૌરક્ષકો સાથે મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ જોડાયા હતાં. ગૌહત્યા રોકવામાં નહીં આવે તો પ્રશાસન સામે કાયદાકીય કાર્યવાહીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

'દેશ આઝાદ થયો ત્યારે ગાંધીજીનું સ્વપ્ન હતું કે સર્વપ્રથમ ગૌહત્યા બંધ થવી જોઈએ. પરંતુ કમનસીબે, કોંગ્રેસના ૫૦ વર્ષના શાસન છતાં ગાયોની સ્થિતિમાં કોઈ સુધાર આવ્યો નહોતો. ત્યાર બાદ ભાજપ પણ છેલ્લા ૧૪ વર્ષથી સત્તા પર છે અને ગૌરક્ષાના મુદ્દાને આધારે જ સત્તા મેળવી હોવા છતાં, ગૌહત્યાઓ રોકવામાં નિષ્ફળ રહી છે.'

આ આકરા શબ્દો ગુજરાત ગૌરક્ષા આયોગના ચેરમેન સાજન ભરવાડે ઉચ્ચાર્યા હતા.


તસવીર: હનિફ મલિક, સુરત

આજે ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિના દિવસે, સુરત શહેરમાં સમગ્ર રાજ્યમાં ચાલતા ગેરકાયદે કતલખાના અને ગૌહત્યા સદંતર બંધ કરાવવાની માંગ સાથે એક વિશાળ 'અહિંસા માર્ચ' યોજાઈ હતી. આ રેલી ઉમરા સ્થિત સરગમ શોપિંગ સેન્ટરથી શરૂ થઈને અઠવાલાઈન્સ સ્થિત કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. જેમાં જૈન અને હિન્દુ સમાજના સાધુ-સંતો સહિત હજારો જીવદયાપ્રેમીઓ જોડાયા હતા. રેલીમાં લોકો 'દયા નહીં તો ધર્મ શું?

અહિંસા નહીં તો માનવતા શું?' અને 'જીવો અને જીવવા દો, આ જ સાચો મંત્ર છે' એવા સંદેશા ધરાવતા બેનરો સાથે શિસ્તબદ્ધ રીતે ચાલ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

રેલી દરમિયાન ગૌરક્ષા આયોગના ચેરમેન સાજન ભરવાડે જણાવ્યું હતું કે લોકોએ ગૌહત્યા બંધ થાય, જીવહિંસા અટકે અને લવ જિહાદ જેવા મુદ્દાઓ ડામી શકાય તે માટે સનાતની સરકારને પૂર્ણ બહુમતીથી સત્તા આપી હતી. પરંતુ આટલા વર્ષો શાસનમાં રહ્યા છતાં આજે એક પણ મૂળભૂત મુદ્દાનો ઉકેલ આવ્યો નથી અને ગૌહત્યા સતત ચાલુ જ છે.

### રાજ્યભરમાં ૮ સિવાયના તમામ કતલખાના ગેરકાયદે, છતાં તંત્રનું ભેદી મૌન

રેલીના આયોજકોએ ગંભીર આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, ઈં હેઠળ મળેલી સત્તાવાર માહિતી અનુસાર સમગ્ર ગુજરાતમાં માત્ર ૮ જ કતલખાના કાયદેસર છે, જ્યારે બાકીના તમામ ગેરકાયદે ધમધમી રહ્યા છે. નિયમ મુજબ આવા ગેરકાયદે એકમો સામે સીધા દરોડા પાડીને કાર્યવાહી કરવાની તમામ સત્તા જિલ્લા કલેક્ટર પાસે હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

### ગેરકાયદે કતલખાનાઓ સીલ નહીં કરાય તો કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કરાશે

ગૌરક્ષા આયોગ અને જીવદયા પ્રેમીઓએ ચેતવણી આપી છે કે જો તંત્ર તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે કતલખાનાઓ સીલ નહીં કરે, તો સુપ્રીમ કોર્ટના આદેશના ઉલ્લંઘન બદલ જવાબદાર અધિકારીઓ સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ (અદાલતની અવમાનના) હેઠળ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**રાજ્યના અને દેશના ગૃહમંત્રી બંને જૈન, છતાં ગૌહત્યા અટકાવવા રેલી કાઢવી પડે તે શરમજનકઃ** ગૌરક્ષા આયોગના ચેરમેન સાજન ભરવાડે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક ધારાસભ્ય અને ગૃહમંત્રી હર્ષ સંઘવી અને દેશના ગૃહમંત્રી અમિત શાહ પોતે જૈન હોવા છતાં ગૌહત્યા અટકાવવા માટે આવી રેલીઓ કાઢવી પડે તે દુ:ખદ છે.

# ઉચ્છલમાં ખેલ મહાકુંભનો ઉત્સાહભેર સમાપન

**દ્રષ્ટિકોણ-તાપી** । ઉચ્છલ,ઉચ્છલ તાલુકા ખાતે ખેલ મહાકુંભનો ઉત્સાહભેર સમાપન સમારોહ યોજાયો હતો. સમારોહમાં રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત ઉપસ્થિત રહ્યા હતા. અંતિમ દિવસે એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધાઓ યોજાતા રમતવીરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

અંતિમ દિવસે અંદાજે ૪૦૦થી ૫૦૦ જેટલા રમતવીરોએ ગોળાફેંક, બરછી ફેંક, દોડ, લાંબી કૂદ સહિતની વિવિધ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતવીરોએ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કરતા સમગ્ર રમત મેદાન યુવાનોના ઉત્સાહ અને ખેલદિલીથી ગુંજી ઊઠ્યું હતું.

આ પ્રસંગે રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે સ્પર્ધા સ્થળની મુલાકાત લઈ રમતગમતની સામગ્રી, ઉપલબ્ધ સુવિધાઓ અને આયોજન વ્યવસ્થાનું અવલોકન કર્યું હતું તેમજ જરૂરી સૂચનો આપ્યા હતા. તેમણે રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.ખેલ મહાકુંભના માધ્યમથી તાલુકાના યુવા રમતવીરોને પોતાની પ્રતિભા દર્શાવવા માટે મંચ મળ્યો હતો. રમતવીરો જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઉચ્છલ તથા તાપી જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ સાથે ખેલ મહાકુંભનું સમાપન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં તાલુકા અગ્રણી અમૃતભાઈ વળવી, તાલુકા પંચાયત પ્રમુખ નિલેશભાઈ ઢોડીયા, ઉપપ્રમુખ તાયુબેન, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ યાકુબભાઈ તથા ઉચ્છલ તાલુકા ખેલ મહાકુંભના કન્વીનર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિવિધ સ્પર્ધાઓનું નિરીક્ષણ કરી રમતવીરોને અભિનંદન પાઠવ્યા હતા.

# સુરત જિલ્લાના અંબિકા ખાતે વિનાયકવિલા કોંગ્રેસ કાર્યાલય પર પૂજ્ય બાપુની ૧૫૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

**મહુવાઃ** સુરત જિલ્લાના અંબિકા તાલુકા (મહુવા) ખાતે આવેલા વિનાયકવિલા કોંગ્રેસ કાર્યાલય પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, હોદ્દેદારો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી પૂજ્ય બાપુના તૈલીચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને તેમના સત્ય તથા અહિંસાના આદર્શોને યાદ કર્યા હતા.આ ઉજવણીના કાર્યક્રમમાં AICCના સભ્ય હેમાંગિનીબેન ગરાસિયા, અંબિકા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હેમંતભાઈ, પાર્ટીના માજી જિલ્લા પ્રમુખ પાંડેભાઈ, તેમજ યુથ કોંગ્રેસના



પ્રમુખ આયુષભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાજેતરમાં જ ચૂંટાયેલા મહુવા સુગર ફેક્ટરીના ઝેરવાવરા (Zervavra) ઝોનના લોકપ્રિય ડિરેક્ટર અનિલભાઈ અને કાર્યકારી પ્રમુખ ઉત્તમભાઈએ પણ હાજરી આપી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ આગેવાનો અને મોટી સંખ્યામાં જોડાયેલા પક્ષના કાર્યકર્તાઓએ બાપુના ચીંધેલા માર્ગે ચાલી સમાજ સેવા કરવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

# અંકલેશ્વરની 'માતાજી સુપર માર્કેટ'માં મેંદામાંથી ઈયળ નીકળતાં હોબાળો

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વરઃ** અંકલેશ્વરના બોરભાઠા સ્થિત બ્રિજ પાસે આવેલી 'માતાજી સુપર માર્કેટ'માં ખાદ્ય સામગ્રીની ગુણવત્તાને લઈ ફરી વિવાદ સર્જાયો છે. દુકાનમાંથી ખરીદેલી ખાદ્ય સામગ્રીમાં વારંવાર જીવડા અને ઈયળો મળતા હોવાના આક્ષેપથી સ્થાનિક ગ્રાહકોમાં રોષ ફેલાયો છે.

અગાઉ પણ આ જ દુકાનમાંથી ખરીદેલી મગની દાળમાંથી ઈયળ નીકળ્યાની રજૂઆત થઈ હતી. તાજેતરમાં મેંદામાં ઈયળ હોવાની ફરિયાદ લઈને ગ્રાહક દુકાને પહોંચતા શરૂઆતમાં દુકાનદારે કોઈ ખામી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

આ દરમિયાન ગ્રાહકે



દુકાનદારની હાજરીમાં જ મેંદાના લોટની બોરીમાંથી લોટ કાઢીને ચાળવાની ચેલેન્જ આપી હતી. દુકાનદારની નજર સામે લોટ ચાળતા જ તેમાંથી ઈયળ નીકળતાં મામલો ગરમાયો હતો.

લોટમાંથી ઈયળ નીકળ્યા બાદ દુકાનદારે આખરે બાબત સ્વીકારી હોવાનું જણાવાયું છે. સમગ્ર મામલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરવામાં આવી છે, જ્યારે ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક પોલીસને પણ વાકેફ કરવામાં આવી છે.

# ભરૂચ જિલ્લામાં ૧૮-૧૯ વર્ષના યુવાનો માટે મતદાર નોંધણીની ખાસ ઝુંબેશ

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ જિલ્લામાં ૧ ઑક્ટોબરથી સતત સુધારણા પ્રક્રિયા હેઠળ વિશેષ મતદાર નોંધણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ૧૮-૧૯ વર્ષના યુવાનો સહિત રહી ગયેલા પાત્ર નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા માટે અભિયાન હાથ ધરાયું છે. ચૂંટણી પંચના નિયમો મુજબ પાત્ર નાગરિકો મતદારયાદીમાં નામ નોંધાવવા માટે અરજી કરી શકે છે.

નાગરિકોની સુવિધા માટે આગામી ૧૧, ૧૮, ૨૫ ઑક્ટોબર તથા ૧ નવેમ્બરના રોજ તમામ મતદાન મથકો પર બૂથ લેવલ ઓફિસરો સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી હાજર રહેશે.

આ દિવસોમાં રહી ગયેલા પાત્ર નાગરિકો જરૂરી પુરાવા રજૂ કરીને પોતાના હક-દાવા તથા વાંધા અંગેની અરજીઓ સીધી જમા કરાવી શકશે. નવા મતદાર માટે ચૂંટણી પંચની પ્રક્રિયામાં ફોર્મ ૬ મારફતે નોંધણીની સુવિધા ઉપલબ્ધ છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પાત્રતા ધરાવતા યુવાનોને નજીકના મતદાન મથકનો સંપર્ક કરીને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવી લેવા અપીલ કરવામાં આવી છે.

# શુકલતીર્થ OP ખાતે સાયબર અવેરનેસ અને નવા ફોજદારી કાયદા અંગે જાગૃતિ કાર્યક્રમ

**ભરૂચઃ** ભરૂચના નબીપુર પોલીસ મથક હેઠળના શુકલતીર્થ OP ખાતે તા. ગતરોજ સાયબર અવેરનેસ તથા નવા ત્રણ ફોજદારી કાયદા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. શુકલતીર્થ સહિત OP વિસ્તાર હેઠળના વિવિધ ગામોમાંથી આશરે ૧૦૦થી ૧૫૦ ગ્રામજનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સાયબર ફ્રોડથી બચવા જરૂરી સાવચેતી, ઓનલાઈન છેતરપિંડીના વિવિધ પ્રકારો તેમજ અજાણી લિંક પર ક્લિક ન કરવા અને OTP તથા બેંકિંગ વિગતો કોઈ સાથે શેર ન કરવા અંગે ગ્રામજનોને માર્ગદર્શન અપાયું હતું.સાથે જ દેશમાં અમલમાં આવેલા નવા ત્રણ



ફોજદારી કાયદા અંગે સરળ ભાષામાં વિસ્તૃત માહિતી આપી કાયદાકીય જાગૃતિ વધારવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોલીસે સાયબર ગુનાથી બચવા સતર્ક રહેવા અને છેતરપિંડીનો ભોગ બન્યે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

સાયબર સુરક્ષા અને નવા કાયદા અંગે ગ્રામજનોમાં જાગૃતિ વધારી વધુ સુરક્ષિત અને કાયદાકીય રીતે જાગૃત સમાજના નિર્માણના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ક્લસ્ટર કો-ઓર્ડિનેટરનો પગાર રૂ.૪૦ હજાર કરવા સહિતની માગ સાથે ભરૂચના ૪૦થી વધુ કર્મચારીઓ મેદાને



**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** ભરૂચ જિલ્લાના સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાતના ૪૦થી વધુ કર્મચારીઓએ વેતનવધારા સહિતની માગણીઓને સમર્થન આપ્યું છે. કર્મચારી સંગઠન દ્વારા જૂના સચિવાલય ખાતે ગ્રામ વિકાસ કમિશનરની કચેરીમાં આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓને પણ લેખિત આવેદનપત્ર અપાયું છે.

બંને યોજનાઓ હેઠળ તાલુકા પંચાયતોના તાબા હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત તથા સામૂહિક શૌચાલય, ઘન-પ્રવાહી કચરા વ્યવસ્થાપન સહિતની સ્વચ્છતાલક્ષી કામગીરી કર્મચારીઓ છેલ્લા આઠ વર્ષથી કરી રહ્યા છે. મોંઘવારીને ધ્યાનમાં રાખી કેડર મુજબ પગાર વધારવાની માગ કરવામાં આવી છે.

હાલમાં ક્લસ્ટર કો-ઓર્ડિનેટરને રૂ.૧૬,૪૦૦ પગાર મળે છે, જેને વધારી રૂ.૪૦ હજાર કરવાની માગ છે. કરાર આધારિત અને આઉટસોર્સિંગ કર્મચારીઓના પગારધોરણ એકસમાન કરવા તેમજ વાર્ષિક ઈજાફો સમયસર આપવા પણ રજૂઆત કરાઈ છે.

# કચ્છમાં દયાપર કન્યા શાળામાં વિજ્ઞાન અને ગણિત મેળો યોજાયો



**દ્રષ્ટિકોણ-કચ્છ । દયાપર,** દયાપર કન્યા શાળામાં વિજ્ઞાન અને ગણિત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળામાં શાળાની બાલિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ વિજ્ઞાન અને ગણિત આધારિત પ્રવૃત્તિઓ તથા પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીનીઓએ રજૂ કરેલા પ્રોજેક્ટ અંગે ઉપસ્થિતોને માહિતી આપી તેની કાર્યપદ્ધતિ પણ સમજાવી હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શાળાના આચાર્ય પ્રવીણભાઈ પરમાર સહિત લતાબેન પરમાર, હસુમતીબેન આહિર, શીમાંબેન બાબરીયા, ક્રિષ્નાબેન પ્રજાપતિ, જોશનાબેન પંચાલ, દ્રષ્ટિ ભાલોડીયા તેમજ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગાંધી જયંતિએ GNFC ગ્રાઉન્ડ પર યોગ-ધ્યાન શિબિરમાં ઉમટ્યા યોગપ્રેમીઓ

**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ગાંધી જયંતિના અવસરે નર્મદાનગર સ્થિત GNFC ગ્રાઉન્ડ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોગ અને ધ્યાન શિબિર યોજાઈ હતી. વહેલી સવારે ૬થી ૮ વાગ્યા દરમિયાન યોજાયેલી શિબિરમાં મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ જોડાયા હતા.

શિબિરમાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, રાજકીય આગેવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓ સહિત ઉપસ્થિત સૌએ વિવિધ યોગાસનો તથા ધ્યાનની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ અને પૂર્વ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ પણ યોગાભ્યાસ કર્યો હતો.આ પ્રસંગે નિયમિત યોગ



અને ધ્યાનને દૈનિક જીવનનો હિસ્સો બનાવી શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નાગરિકોમાં યોગ, ધ્યાન અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ લાવવાનો કાર્યક્રમનો મુખ્ય હેતુ રહ્યો હતો.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજયભરમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે ભરૂચમાં પણ આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# સુરત જિલ્લામાં પોક્સો જાગૃતિ અભિયાન 'નન્હી કિલકારી'નો શુભારંભ

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી બાળકોને પોક્સો એક્ટ અંગે જાગૃત કરવા માટે 'નન્હી કિલકારી' અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ અને પોક્સો એક્ટ હેઠળની ટ્રાયલની પ્રગતિના નિયંત્રણ અને નિરીક્ષણ માટેની સમિતિના સભ્ય જસ્ટિસ ગીતા ગોપીના હસ્તે આ અભિયાનનો પ્રારંભ થયો હતો.

પી.ટી. સાયન્સ કોલેજના તારામતી હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જસ્ટિસ ગીતા ગોપીએ



બાળકોની સુરક્ષાના મુદ્દે કાયદાકીય જોગવાઈઓના અસરકારક અમલ સાથે સામાજિક જાગૃતિને પણ જરૂરી ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે બાળકોના શોષણ સામે ગુનેગારોની માનસિકતા, આવા ગુનાઓ પાછળના કારણો અને વૈજ્ઞાનિક અભ્યાસ અંગે સમજ કેળવવી જરૂરી છે. ન્યાયતંત્ર, શિક્ષણ સંસ્થાઓ અને વહીવટી તંત્ર વચ્ચે સંકલનથી બાળકોની સુરક્ષા વધુ મજબૂત બની શકે છે. તેમણે કિશોરાવસ્થાના સંબંધો અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, હાલ જેલોમાં ૧૮થી ૨૪ વર્ષની વયજૂથના અનેક યુવાનો જોવા મળે છે, જેઓ અપરિપક્વતા અથવા પ્રેમસંબંધોના પરિણામે કાયદાકીય પ્રક્રિયામાં ફસાયા હોય છે.

આવા કિસ્સાઓમાં કિશોરોના માનસિક સ્વાસ્થ્ય, બાળપણના આઘાત અને સામાજિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ અભિગમ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. જસ્ટિસ ગોપીએ પીડોફિલિયા, હેબીફિલિયા અને ઈફીબોફિલિયા જેવી માનસિક વૃત્તિઓ અંગે વૈજ્ઞાનિક અભ્યાસ તથા સામાજિક જાગૃતિની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. પરિવાર અને પોલીસ તંત્ર વચ્ચે સંકલન રાખીને બાળકોને સંભવિત જોખમોથી બચાવવા માટે સતર્ક રહેવા અપીલ કરી હતી.

'નન્હી કિલકારી' અભિયાન અંતર્ગત પેરાલીગલ વોલન્ટિયર્સ, ન્યાયિક અધિકારીઓ અને રિસોર્સ પર્સન દ્વારા શાળાઓમાં જઈને બાળકોને સરળ ભાષામાં પોક્સો એક્ટ, ગુડ ટચ-બેડ ટચ તથા બાળકો પર થતા અત્યાચાર અંગે સમજ આપવામાં આવશે. એનિમેટેડ ફિલ્મો અને અન્ય સરળ માધ્યમોનો ઉપયોગ કરીને બાળકોમાં વ્યક્તિગત સુરક્ષા અંગે જાગૃતિ કેળવવામાં આવશે.

# ભુજમાં આજથી બે દિવસીય નવરાત્રી સ્પેશિયલ એક્ઝિબિશન

**દ્રષ્ટિકોણ-ભુજઃ** શહેરના RTO સર્કલ પાસે આવેલા વાગડ બે ચોવીસી ખાતે આવતીકાલે તા. ૩ ઓક્ટોબરથી બે દિવસીય નવરાત્રી સ્પેશિયલ એક્ઝિબિશનનો પ્રારંભ થશે. તા. ૩ અને ૪ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ પ્રદર્શનમાં નવરાત્રીને ધ્યાનમાં રાખીને વિવિધ આકર્ષક કલેક્શન રજૂ કરવામાં આવશે.

આ એક્ઝિબિશનમાં નવરાત્રી સ્પેશિયલ ડ્રેસ, જ્વેલરી સહિતની વિવિધ ફેશન અને આકર્ષક ચીજવસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવશે. નવરાત્રીની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે આ પ્રદર્શન એક સ્થળે વિવિધ કલેક્શન નિહાળવાની તક પૂરી પાડશે. આ આયોજનને સફળ બનાવવા આયોજક બીનાબેન પંડ્યા અને રીતુબેન ગોયલ દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ૭૬ કરોડના બહુચરાજી મંદિર નિર્માણમાં ઘોર બેદરકારી, ખંડિત પથ્થરો જડી દેવાયા!

### કરોડોના ખર્ચે બની રહેલા બહુચસજી મંદિરના નિર્માણમાં સ્તંભો ઉપર તૂટેલી કોતરણી સહિતના ભાગો સ્પષ્ટ દેખાય છે





**બહુચરાજી:** બહુચરાજીમાં રૂ. ૭૬.૫૧ કરોડના ખર્ચે ૮૬ ફૂટ ઊંચા શિખર સાથે નવનિર્માણ પામી રહેલા મંદિરના બાંધકામમાં વપરાતા પથ્થરોના હેન્ડલિંગ અને કામગીરી સામે સવાલો ઊભા થયા છે. નવનિર્માણ દરમિયાન ઊભા કરાયેલા કેટલાક કોતરણીવાળા સ્તંભો અને પથ્થરોમાં તૂટફૂટ સ્પષ્ટ જોવા મળી રહી છે. ખાસ કરીને નૃત્ય મંડપના કોતરણીવાળા ભાગોમાં પથ્થરો ખંડિત થયેલા છે.

હેન્ડલિંગ વખતે ડેમેજ થયેલા પથ્થરોને મંદિરના બાંધકામમાં જડી દેવાયા છે. આવા ૧૫થી વધુ પથ્થરોમાં નુકસાન નજરે પડે છે. ભવ્ય મંદિરના નિર્માણમાં વિવિધ કદ અને વજનના કોતરણીવાળા પથ્થરોનો ઉપયોગ થઈ રહ્યો છે. આ પથ્થરોને ક્રેન ઊંચકીને જગ્યાએ ફિટ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન કેટલાક પથ્થરોને નુકસાન થયું હોવાનું પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી PMC)ના અધિકારીએ સ્વીકાર્યું હતું.PMCના સુપરવાઇઝર સુનિલભાઈ સોમપુરાએ કહ્યું કે, પાંચ ટન સુધીના ભારે પથ્થરોનો ઉપયોગ થઈ રહ્યો છે. હેન્ડલિંગ દરમિયાન પથ્થરને નુકસાન થતું હોય છે. જે પથ્થરો તૂટેલા છે તે રિપેર કરી દેવાશે અને ફાઈનલ ટચ વખતે જોવા નહીં મળે. બહુચરાજીના ધારાસભ્ય ડૉ. સુખાજી ઠાકોરે કહ્યું કે, તૂટેલા પથ્થરોની બાબતની જાણ થતાં તેમણે સુપરવાઈઝર ટીમને રિપેર કરવાને બદલે નવો પથ્થર લગાવવા કડક સૂચના આપી છે.

એચ. આર. મોદી, અધિકારી, પવિત્રયાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરના જણાવવા અનુસાર પથ્થરમાં મેજર નુકસાન હોય તો બદલી જ દેવાનો હોય છે. પરંતુ ટ્રાન્સપોર્ટેશન કે હેન્ડલિંગ દરમિયાન ક્યાંક નાનું મોટું નુકસાન થયું હોય તો ફિનિશિંગ સાથે રિપેર કરી દેવામાં આવે છે. આમ છતાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની ટીમને રૂબરૂ નિરીક્ષણ માટે મોકલી જરૂરી તપાસ અહેવાલ માગ્યો છે. બાંધકામમાં કંઈ પણ ચલાવી લેવામાં નહીં આવે.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અરવલ્લીમાં દિવ્યાંગ સાધન સહાય વિતરણ



### કાર્યક્રમમાં જિલ્લાના ૪૧૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૧૮.૦૭ લાખની સહાયનું વિતરણ કરાયું

**દ્રષ્ટિકોણ-અરવલ્લી:** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવા મારું યોગદાનના ભાગરૂપે અરવલ્લી જિલ્લા સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગ સાધન સહાય તથા અન્ય લાભ વિતરણ કાર્યક્રમનું આયોજન મોડાસા ખાતે આવેલ વા. હી. ગાંધી બહેરાં-મૂંગા શાળા ખાતે કરવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડા, આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહકોને લગતી બાબતોના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના કુલ ૪૧૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ. ૧૮,૦૭,૫૫૦ની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનોના કલ્યાણ, સામાજિક સુરક્ષા અને સશક્તિકરણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. પાત્ર દિવ્યાંગ લાભાર્થીઓને સરકારની યોજનાઓનો લાભ સરળતાથી અને અસરકારક રીતે મળી રહે તે હેતુસર આયોજિત આ કાર્યક્રમમાં દિવ્યાંગ સાધન સહાય સહિતના વિવિધ લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે પાત્ર લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા દિવ્યાંગજનો સહિત સમાજના જરૂરિયાતમંદ અને પાત્ર લાભાર્થીઓ સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચાડવા માટે કરવામાં આવતી કામગીરી અંગે પણ માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમના માધ્યમથી દિવ્યાંગજનોના કલ્યાણ અને સશક્તિકરણ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને વધુ સુદઢ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મયુર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી મહેક જૈન, મોડાસા ધારાસભ્ય ભીખુસિંહજી પરમાર, નગરપાલિકા પ્રમુખ જયશ્રીબેન પટેલ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણની રાધનપુર રેફરલ હોસ્પિટલમાં શહેર કોંગ્રેસ દ્વારા ગાંધી જયંતીની ઉજવણી



### મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ, દર્દીઓને ફળનું વિતરણ

**દ્રષ્ટિકોણ-પાટણ:** પાટણ જિલ્લાના રાધનપુર ખાતે રાધનપુર શહેર કોંગ્રેસ દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતી તથા લાલ બહાદુર શાસ્ત્રીજીની ૧૨૨મી જન્મજયંતી નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન શહેર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓને શહેર કોંગ્રેસ દ્વારા ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતીની પણ ઉજવણી કરવામાં આવી હતી. બંને મહાનુભાવોના જીવન અને દેશસેવાના યોગદાનને યાદ કરી કોંગ્રેસના આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં રાધનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ રફિકભાઈ ઘાંચી, ડૉ. વિષ્ણુદાન ઝુલા, કાનજીભાઈ પરમાર, અકરામ ખાન પઠાણ, ફારુકભાઈ મેમણ, શેરખાન બ્લોચ, ભુરાભાઈ ઠાકોર, ભુરાખાન બ્લોચ, વરઘીદાન ગઢવી, ધરમશીભાઈ માસ્તર, નગર સેવક જાબીરભાઈ ભાટી, લાલભાઈ પ્રજાપતિ, જમાલભાઈ ઘાંચી સહિત કોંગ્રેસના આગેવાનો, સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધી જયંતીના અવસરે જરૂરિયાતમંદ દર્દીઓની સેવા કરી શહેર કોંગ્રેસ દ્વારા માનવસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ૧૭ વર્ષ ભારતીય સેનામાં સેવા આપી વતન પરત ફરેલા જવાનનું ઉમલ્લા ખાતે ભવ્ય સ્વાગત



**દ્રષ્ટિકોણ-ઝઘડિયા:** ઝઘડિયા તાલુકાના ખાખરીપુરા ગામના વિજયભાઈ વસાવા ૧૭ વર્ષ ભારતીય સેનામાં સેવા આપી વતન પરત ફર્યા છે. તેમણે દેશના અલગ-અલગ વિસ્તારોમાં ફરજ બજાવી હતી, જ્યારે તેમની છેલ્લી ફરજ રાજસ્થાનના જેસલમેર બોર્ડર પર હતી.

૧૭ વર્ષ સુધી દેશની સરહદોની સુરક્ષા કર્યા બાદ ખાખરીપુરા પરત ફરેલા વિજયભાઈ વસાવાનું ઉમલ્લા ચાર રસ્તા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ ફૂલહાર પહેરાવી ઉત્સાહભેર તેમનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ઝઘડિયા ધારાસભ્ય રિતેશ વસાવા, પૂર્વ ભરૂચ જિલ્લા પ્રમુખ મહેન્દ્રસિંહ વાસાદીયા અને નટુભાઈ વસાવા સહિત ગામના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉમલ્લા ખાતે જવાનના સ્વાગત સમયે દેશભક્તિનો માહોલ છવાયો હતો.

# આન્યા નિલય દોશીના જન્મદિવસે માવજત હોસ્પિટલમાં વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો




**દ્રષ્ટિકોણ-પાલનપુર,** આન્યા નિલય દોશીના જન્મદિવસ નિમિત્તે તા. ૧ ઓક્ટોબર ૨૦૨૬, ગુરુવારના રોજ માવજત હોસ્પિટલ, પાલનપુર ખાતે વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પને લોકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

કેમ્પ દરમિયાન સ્પેશિયાલિટી તથા સુપર સ્પેશિયાલિટી વિભાગના નિષ્ણાત તબીબો દ્વારા ૯૦૦ જેટલા દર્દીઓની તબીબી તપાસ કરવામાં આવી હતી તેમજ દર્દીઓને જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન દર્દીઓને વિવિધ તબીબી તપાસની સુવિધા પણ નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

જેમાં લેબોરેટરી ટેસ્ટ, X-Ray, Echo, Sonography તથા TMT જેવી મહત્વપૂર્ણ તપાસોનો સમાવેશ થતો હતો. આ સુવિધાઓના કારણે મોટી સંખ્યામાં દર્દીઓને એક જ સ્થળે નિષ્ણાત તબીબી સલાહ સાથે જરૂરી તપાસનો લાભ મળ્યો હતો. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં આરોગ્ય જાગૃતિ વધારવાનો, લોકોને સમયસર આરોગ્ય તપાસ કરાવવા માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ જરૂરિયાતમંદ લોકોને નિષ્ણાત તબીબી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો હતો. માવજત હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, ટેકનિકલ ટીમ તથા સમગ્ર સ્ટાફના સંયુક્ત પ્રયાસોથી આ આરોગ્ય કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કેમ્પમાં ઉપસ્થિત રહી આરોગ્ય સેવાઓનો લાભ લેનાર તમામ દર્દીઓ તેમજ આ આયોજનમાં સહયોગ આપનાર તમામ સહયોગીજનોનો માવજત હોસ્પિટલ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઓલપાડનાં ભટગામની પ્રા.શા.માં મહાત્મા ગાંધી જયંતિની ઉજવણી

### અહિંસાનાં પૂજારીની યાદ માં શાળા પરિવારે પ્રભાતફેરી,ચરખા કાંતણ,સર્વધર્મ પ્રાર્થના,વકૃત્વ સ્પર્ધા અને સ્વચ્છતા અભિયાન જેવાં વિવિધ કાર્યક્રમો યોજયા




**દ્રષ્ટિકોણ-ઓલપાડ :** પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૭ મી જન્મજયંતિ પ્રસંગે દેશની આઝાદી સમયે દાંડીકૂચ યાત્રા સાથે જોડાયેલુ ઓલપાડ તાલુકા નું ભટગામની સરકારી પ્રા.શા. માં ગ્રામજનો અને શાળા પરિવારે વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.આ પ્રસંગેશાળાનાં આચાર્ય વિજય પટેલે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી બાળકોને કહ્યું કે,દેશની આઝાદી ની લડત સમયે અંગ્રેજ સરકારે મીઠા ઉપર નાંખેલ 'કર' નાં વિરોધમાં ગાંધીજીએસને:૧૯૩૦ માં અમદાવાદનાં સાબરમતી આશ્રમથી નવસારીનાં દાંડી સુધી દાંડીકૂચ કરી હતી.આ દાંડીકૂચ દરમિયાન ગાંધી બાપુએ આપણી ભટગામની પ્રા.શા.માં રાત્રી રોકાણ કર્યું હતું. જેથી આ ઐતિહાસિક શાળા અને ગામ આજે પણ ગાંધીજીનાં પગલાંની યાદને તાજી કરાવી રહ્યું છે.તેમણે વધુ કહ્યું કે,આ પવિત્ર ભૂમિ ગાંધીજીની સ્મૃતિ સાથે જોડાયેલ ગામ

હોવાથી આજે શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ પ્રસંગે શાળાનાં બાળકોએ 'ગાંધીજી અમર રહો'નાં નારા સાથે વહેલી સવારે ગામમાં પ્રભાત ફેરી યોજી ગાંધીજીનું પ્રિય ભજન 'રઘુપતિ રાઘવ રાજા રામ' નું સમુહગાન કર્યું હતું.આ પ્રસંગે ભટગામ ગાંધી આશ્રમનાં કન્વીનર કમ કેરટેકર ગૌરવ ગોસ્વામી,કાર્તિક પટેલે સૌને વ્યસનમુક્તિ અને સ્વચ્છતાનાં શપથ લેવડાવી ગાંધીજીનાં જીવનનાં સત્ય, અહિંસા અને સ્વાવલંબનનાં સિદ્ધાંતો વિશે પ્રેરક ઉદબોધન કર્યું હતું અને યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધાનાં વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

આ કાર્યક્રમ વેળા શાળાનાં વિદ્યાર્થી ઓ દ્વારા દાંડીપથ સ્થિત ગાંધી નિવાસ ખાતે ચરખા કાંતણ, સર્વધર્મ પ્રાર્થના અને સ્વચ્છતા અભિયાન જેવાં કાર્યક્રમો યોજયા હતાં.જયારે આ કાર્યક્રમમાં શાળાની ઉપ શિક્ષિકા નિમિષા પટેલ,જીનલ પટેલ તથા કલ્પના પટેલનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીની ઓએ આકર્ષક રંગોળી તૈયાર કરી વિધાર્થીઓને ગાંધીજીનાં જીવન ચરિત્રથી વાકેફ કર્યા હતાં. આ પ્રસંગે શાળાનાં વાલીઓ સહિત ગ્રામજનો હાજર રહ્યા હતાં. અંતમાં શાળાનાં ઉ.શિ.દિપક પટેલે આભારવિધિ કરી હતી.

# ગાંધીનગરની શાળાના વિદ્યાર્થીઓ માટે "સાયન્સ સફર ૨૦૨૬"નું આયોજન



**અમદાવાદ:** ગુજરાત સાયન્સ સિટી દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST)ના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓ માટે "Science Safar 2026: Expository Visit to Science City for School Students" કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નોલોજીનું પ્રાયોગિક તથા અનુભવ આધારિત જ્ઞાન પૂરું પાડવાનો છે.

શાળાઓના વિદ્યાર્થીઓ, જેમાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોની શાળાઓનો પણ સમાવેશ થાય છે, તેમને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા વધારવાનો તેમજ પરંપરાગત વર્ગખંડના શિક્ષણથી આગળ વધીને વિજ્ઞાનને પ્રત્યક્ષ અનુભવ દ્વારા સમજવાની તક પૂરી પાડવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તબક્કામાં ગાંધીનગર જિલ્લાની ૮૨ શાળાઓના આશરે ૪,૧૦૦ વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાત લઈ રહ્યા છે.

સાયન્સ સફર દરમિયાન વિદ્યાર્થીઓ ગુજરાત સાયન્સ સિટીની વિવિધ વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત વિવિધ ગેલેરીઓની મુલાકાત લઈ શકશે અને ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો, વૈજ્ઞાનિક નિદર્શનો તથા અનુભવ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ વૈજ્ઞાનિક સિદ્ધાંતો અંગેની સમજણ.

# બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો લાખોની મત્તા ચોરી ગયા



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં આવેલી પાર્શ્વનાથ સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ સહિત લાખોની મત્તા પર હાથ ફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મકાનમાલિક વતન ઉત્તર પ્રદેશ (યુપી) ગયા હોવાથી ઘર લાંબા સમયથી બંધ હતું.

રાત્રિના સમયે બાઈક પર આવેલા ત્રણ તસ્કરોએ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાંથી કિંમતી ઘરેણાં અને રોકડ રકમ સહિતની મત્તા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

ચોરીની સમગ્ર કરતૂત સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ઓળખ છુપાવવા તસ્કરોએ મોઢું નીચું રાખી રૂમાલ બાંધ્યો હતો અને સીસીટીવી કેમેરો ઊંચો કરવાનો પણ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. તેમ છતાં તેમની હિલચાલ કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભય અને ફફડાટનો માહોલ છે. જોકે, આ બનાવ અંગે હજુ સુધી પોલીસ ચોપડે સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

# દાંડી કુટીર મ્યુઝિયમ દ્વારા સમાવેશી સામુદાયિક કાર્યક્રમો સાથે ગાંધી જયંતિની ઉજવણી



**દ્રષ્ટિકોણ-ગાંધીનગર:** દાંડી કુટીર મ્યુઝિયમમાં આજે ગાંધી જયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીના સત્ય, શાંતિ અને અહિંસાના શાશ્વત સંદેશને તમામ પેઢીઓ સુધી પહોંચાડવાનો છે.

દાંડી કુટીર મ્યુઝિયમના આસિસ્ટન્ટ ક્યુરેટર, મરાલ ત્રિવેદીના જણાવ્યા અનુસાર, આજના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે લોકો અહીં આવે, ગાંધીજીના વિચારોને ઊંડાણપૂર્વક સમજે અને તે મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારે. આ ઉજવણી દરેક માટે સુલભ અને આકર્ષક બની રહે તે સુનિશ્ચિત કરવા માટે, મ્યુઝિયમ દ્વારા વિવિધ વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુ:

શારીરિક રીતે વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓ સરળતાથી મ્યુઝિયમની મુલાકાત લઈ શકે અને તેને સારી રીતે નિહાળી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બાળકો અને લોકો માટે પ્રવૃત્તિઓ: બાળકો અને સામાન્ય લોકો માટે ખાસ પ્રવૃત્તિઓ (activities) નું આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાતીઓને શાંતિનો અનુભવ કરાવવા માટે સાઉન્ડ હીલિંગ અને રિલેક્સેશન કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

# ગાંધી જયંતી નિમિત્તે પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન



**દ્રષ્ટિકોણ-ઓલપાડ :** ગાંધી જયંતીના પાવન પર્વ નિમિત્તે પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામમાં સઘન સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતુ તથા વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ગામમાં સ્વચ્છતા જાળવવા તથા વિકાસકામો અંગે સક્રિય ચર્ચા-વિચારણા કરી હતી. સ્વચ્છતા અભિયાનની સાથે પંચાયતમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા આપતા ઈલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટના કર્મચારી શ્રી પરેશભાઈ લલ્લુભાઈ સોલંકી માટે ખાસ અભિનંદન તથા સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો હતો. ઈલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટમાં અવિરત અને ઉત્કૃષ્ટ સેવાઓ આપવા બદલ પંચાયત પરિવાર અને ઉપસ્થિત સૌ અગ્રણીઓ દ્વારા પરેશભાઈ સોલંકીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સરપંચશ્રી નશરૂભાઈ તથા તલાટી કમ મંત્રી શ્રી અભયભાઈ ગામી દ્વારા પરેશભાઈને સન્માનિત કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. તે સિવાય તાલુકા આરોગ્ય અધિકારીશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં શિક્ષક મિત્રો, આરોગ્ય વિભાગની આશા વર્કર બહેનો તેમજ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પણ તેમનું પુષ્પગુચ્છ અને બહુમાન કરીને ભાવભીનું સન્માન કરાયું હતું.

# સુરતથી ઉદયપુર વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ, સાડા સાત કલાકમાં મુસાફરી


તસવીર: હનિફ મલિક, સુરત

## ગાંધી જયંતિએ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે લીલીઝંડી બતાવી ટ્રેનને રવાના કરી; ચેર કારનું ભાડું રૂ.૧,૫૧૫ અને એક્ઝિક્યુટિવ ક્લાસનું રૂ.૨,૭૨૦, ૪ ઓક્ટોબરથી નિયમિત સેવા

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત અને ઉદયપુર વચ્ચે સીધી વંદે ભારત ટ્રેન શરૂ થતાં દક્ષિણ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે રેલવે કનેક્ટિવિટીમાં નવો ઉમેરો થયો છે. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે ટ્રેનને લીલીઝંડી બતાવી રવાના કરી હતી. ૪ ઓક્ટોબરથી ટ્રેન નિયમિત સમયપત્રક મુજબ દોડશે. આ ટ્રેન દ્વારા સુરતથી ઉદયપુરની મુસાફરી આશરે ૭ કલાક અને ૩૦ મિનિટમાં પૂર્ણ થશે.

વેપારીઓ, નોકરીયાતો, પ્રવાસીઓ અને ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા શ્રદ્ધાળુઓને આ સીધી ટ્રેનનો લાભ મળશે. ખાસ કરીને શામળાજી સહિતના સ્થળોએ જવા માટે મુસાફરોને કનેક્ટિવિટીની સુવિધા મળશે. ટ્રેનમાં ચેર કારનું ભાડું રૂ.૧,૫૧૫ અને એક્ઝિક્યુટિવ ક્લાસનું ભાડું રૂ.૨,૭૨૦ રાખવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

ટ્રેનને બંને રાજયોનાં મહત્ત્વનાં વેપારી અને ધાર્મિક કેન્દ્રો પર સ્ટોપેજ આપવામાં આવ્યાં છે. તેનાથી વેપારી વર્ગ ઉપરાંત શામળાજી જતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને પણ સુવિધા મળશે. આધુનિક કવચ સુરક્ષા સિસ્ટમ, ઓટોમેટિક દરવાજા, GPS આધારિત પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ અને આરામદાયક બેઠક વ્યવસ્થા ટ્રેનની વિશેષતાઓ છે. ટ્રેનના પ્રારંભ પ્રસંગે સી.આર. પાટીલે રેલવેમાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે અગાઉ ટ્રેનમાં મુસાફરી કરવી મુશ્કેલ અને કષ્ટદાયક ગણાતી હતી. ટ્રેનોમાં સ્વચ્છતા અને ઝડપનો અભાવ રહેતો હતો. તેમના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગ્રહથી રેલવેમાં સ્વચ્છતા અને આધુનિક સુવિધાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. આજે વંદે ભારત જેવી ટ્રેનોમાં મુસાફરીથી મુસાફરોને આધુનિક પ્રવાસનો અનુભવ મળી રહ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સુરતથી ઉદયપુર વચ્ચે વંદે ભારત શરૂ કરવાની અગાઉ કોઈ ખાસ માગણી નહોતી, તેમ છતાં વડાપ્રધાન સમક્ષ રજૂઆત કર્યા બાદ આ સેવા મંજૂર કરવામાં આવી હતી. આ માટે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો હતો. સી.આર. પાટીલે સુરત અને વલસાડ વચ્ચે શરૂ થયેલી મેમુ ટ્રેન તેમજ અન્ય રેલવે સ્ટોપેજ અંગે પણ વાત કરી હતી. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્યો અને રેલવે અધિકારીઓની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. નવી વંદે ભારત સેવા શરૂ થવાથી સુરત અને રાજસ્થાન વચ્ચે વેપાર, પ્રવાસન અને મુસાફરીની સુવિધાઓને વેગ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.


તસવીર: હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરતઃ** કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલજી એ આજે નવસારી ખાતે નવનિર્મિત સીટી બસ પોર્ટનું લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ ભુરાભાઈ શાહ, મંત્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, મેયર અશોકભાઈ ધોરાજીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી કેયુરીબેન દેસાઈ તથા આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અધિકારીઓના 'પિતાજી'ના? રસ્તા, ફૂટપાથ ભાડે આપી ઉઘરાણું!!!

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨**

સુરતીઓ તહેવારો ઉજવવાના શોખીન છે, પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી એવો ઘાટ સર્જાયો છે કે કોઈપણ તહેવારો આવે એટલે સુરતીઓએ ટ્રાફિક અને દબાણોની સમસ્યામાં પીલાવું પડે. હજુ તો શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે, ત્યાં જ શહેરભરમાં રસ્તાના કિનારે અને ફૂટપાથો પર થેલા-સ્ટોલ્સ લાગવા માંડ્યા છે.

નવાઈની વાત એ છે કે દિવસે ને દિવસે ખાલી જગ્યાઓ ભરાઈ રહી છે અને જાહેર માર્ગો પર જાણે

### અડાજણ, પાલનપુર, પાલ સહિત શહેરભરમાં ઠેર ઠેર રસ્તા પર થેલા-સ્ટોલ્સ લાગવા લાગ્યા, રોકનાર કોઈ નથી

બજાર શરૂ થઈ ગયા છે.

નવરાત્રીના હજુ તો એકાદ સપ્તાહ બાકી છે ત્યારે સુરતભરમાં નવરાત્રીના ચણિયા-ચોળી, લેંઘા, ઈમીટેશન જ્વેલરી, દાંડિયા જેવી વસ્તુઓનું ધૂમ વેચાણ શરૂ થઈ ગયું છે. દર વર્ષે અડાજણ આનંદ મહલ રોડ આવા તહેવારોમાં સાંકડો થઈ જાય છે. આ વખતે પણ શ્રીજી આર્કેડથી શરૂ કરીને સ્નેહ સંકુલ વાડી, પ્રાઈમ આર્કેડ અને છેક પાલનપુર પાટિયા સુધી રસ્તાના કિનારે તેમજ ફૂટપાથો પર નવરાત્રીનો સામાન વેચાવો શરૂ થઈ ગયો છે. આ ઉપરાંત પાલ, અઠવાલાઈન્સ, વેસુ, વરાછા, ભટાર, કોટના અનેક વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિનું નિર્માણ થવા લાગ્યું છે.

### શહેરભરમાં ટ્રાફિક અને દબાણોની સમસ્યા હદ વટાવી રહી છે, તેમાં વધુ ઉમેરો, વાહનચાલકો-લોકો પરેશાન

શહેરમાં સામાન્ય દિવસોમાં પણ ટ્રાફિકની મોટી સમસ્યા છે. પીક અવર્સમાં તો ટ્રાફિકજામ થતાં લોકો માથા પછાડતા જોવા મળે છે. ત્યાં હવે છેક દિવાળી સુધી રસ્તાના કિનારે અને ફૂટપાથોના આ દબાણને કારણે ટ્રાફિકની સમસ્યા ઓર વકરી જશે, એ વાતમાં કોઈ બેમત નથી. નવાઈની વાત તો એ છે કે થેલા-સ્ટોલવાળા જે રીતે પોતાનો પથારો કરીને બેઠા હોય છે, તેમનો આત્મવિશ્વાસ એટલો સખત હોય છે કે આ જગ્યા જાણે તેમણે કાયદેસર ભાડેથી લીધી હોય. ત્યારે સ્વાભાવિક રીતે થાય કે મ્યુનિ.ના બાબુઓ કે પછી ભ્રષ્ટ પોલીસવાળાઓ હપ્તા ઉઘરાવીને આવા ગંભીર દબાણ કરવાની છૂટ આપતા હશે?

### સંસ્કાર ભારતી સ્કૂલવાળો રસ્તો તો શાકવાળાઓએ બેફામ પચાવી પાડ્યો છે

પાલનપુર પાટિયા શાકમાર્કેટવાળો એક તરફનો માર્ગ તો વાહનવ્યવહાર માટે કાયમી બંધ રહે છે. કારણકે આ માર્ગ પર શાક-ફળોની લારીવાળાઓ બેફામ રસ્તા વચ્ચે જ ઉભા રહે છે. થેલાવાળાઓ પણ રસ્તાની વચ્ચે સુધી પોતાના શાકભાજી, ફળોનો પથારો કરે છે. કોઈ વાહન અહીં પ્રવેશી જ ન શકે તે રીતે આ રસ્તા પર સતત દબાણ રહે છે. ખાસ તો આ જ માર્ગ પર સામે સંસ્કાર ભારતી સ્કૂલ છે, જે શરૂ થવાના અને છૂટવાના સમયે ટ્રાફિકની ભારે સમસ્યા સર્જાય છે. જો કે એક તરફનો રસ્તો બંધ હોવાથી બીજા રસ્તા પર જ બંને તરફની અવરજવર કરવી પડે છે. પોલીસ અને મ્યુનિ. તંત્રને આ વાતની જાણ છે જ. અગાઉ ઘણી વખત બંદોબસ્ત મૂકી બજારનો રસ્તો ખૂલ્લો કરાવ્યો હતો, પરંતુ આ કામગીરી માત્ર ચાર દિન કી ચાંદની જેવી જ રહી છે.

### મોટી મીઠાઈ-ફરસાણની દુકાનોને મંડપ બાંધવાની પરવાનગી કેમ અપાય છે?

હવે ટૂંકમાં જ મોટા તહેવારો શરુ થવાના છે. જેમાં દશેરાના દિવસે ફાફડા-જલેબી, ચાંદની પડવાના પ્રસંગે ઘારી-ભૂસું અને ત્યારબાદ સતત મીઠાઈનું વેચાણ વધતું રહેશે. એવું જોવા મળ્યું છે કે આવા પ્રસંગે નાની-મોટી મીઠાઈની દુકાનો, ફરસાણવાળા પોતાની દુકાનની બહાર મંડપ બાંધે છે. આ મંડપને કારણે સ્વાભાવિક રીતે જ ટ્રાફિકની સમસ્યા વકરે છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે ટ્રાફિકની સમસ્યા વકરે તેવા ફૂટપાથ કે રોડ સુધી ખેંચાતા આવા મંડપની પરવાનગી અપાય છે શા માટે?

# અરજદારને લાફા ઝીકનારા સુરત RTOના ક્લાર્ક યોગેશ ચૌધરી સામે ખાતાકીય તપાસ શરૂ

### તાત્કાલિક ધોરણે ડીએ શાખામાંથી હટાવીને ઓડિટ વિભાગમાં બદલી કરવામાં આવી, પીડિત અરજદારે અરજી કરતાં મામલો અડાજણ પોલીસમાં

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨**

સુરત આરટીઓ કચેરીમાં વાહનની માંડવાળ ફી ભરવા ગયેલા એક અરજદાર પર હુમલો કરી ખુલ્લેઆમ ગુંડાગીરી કરનારા ક્લાર્ક યોગેશ ચૌધરી સામે તંત્રએ કડક પગલાં લીધાં છે. એડિશનલ કલેક્ટર અને સુરત આરટીઓ એચ.એમ. પટેલે ગંભીર નોંધ લઈને ક્લાર્કની તાત્કાલિક બદલી કરી છે. જાહેરમાં અરજદારને લાફા મારી મોબાઈલ ઝૂંટવી લેવાનો શરમજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ આરટીઓ પ્રશાસને ચૌધરીને ડીએ શાખામાંથી હટાવી ઓડિટ વિભાગમાં ધકેલી દીધો છે અને તેની સામે ખાતાકીય તપાસના આદેશ જારી કર્યા છે.

છેલ્લા બે દિવસથી આરટીઓની ઓનલાઈન સિસ્ટમ અત્યંત ધીમી ચાલતી હોવાથી કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને કંટાળેલા અરજદારે મોબાઈલમાં વીડિયો બનાવવાનું શરૂ કર્યું હતું. આ જોઈને ઉશ્કેરાયેલા ક્લાર્ક યોગેશ ચૌધરીએ સરકારી મર્યાદા નેવે મૂકી અરજદારને ત્રણ-ચાર લાફા મારી મોબાઈલ ઝૂંટવી લીધો હતો. શરૂઆતમાં બંને પક્ષે સમાધાન કરાવી મામલો દબાવી દેવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ ગુંડાગીરીનો વીડિયો વાયરલ થતાં અને જનતામાં ભારે આક્રોશ ફેલાતાં ઉચ્ચ અધિકારીઓને કાર્યવાહી કરવાની ફરજ પડી હતી.આ શરમજનક ઘટના બાદ આરટીઓ પ્રશાસને કચેરીના તમામ સ્ટાફને અરજદારો સાથે સભ્યતાપૂર્વક વર્તવા કડક સૂચના આપી છે. બીજી તરફ, પીડિત અરજદારે આ મામલે અડાજણ પોલીસ મથકે અરજી આપી છે. સમગ્ર રાજયમાં વાહન વ્યવહાર વિભાગની ઓનલાઈન સિસ્ટમમાં ચાલતી અંધાધૂંધીને કારણે અરજદારો અને સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાઈ રહ્યું છે, જેનું આ વરવું રૂપ સુરતમાં સામે આવ્યું છે.

### વિસ્તૃત રિપોર્ટ ગાંધીનગર વડી કચેરીને મોકલાશે, શિક્ષાત્મક કાર્યવાહીની પણ શક્યતા

આ ઘટનાની ઝીણવટભરી તપાસ માટે એડિશનલ કલેક્ટર અને આરટીઓ એચ.એમ. પટેલે તપાસ અધિકારીની નિમણૂક કરી છે. આ અધિકારી સીસીટીવી, વાયરલ વીડિયો અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે વિગતવાર અહેવાલ તૈયાર કરીને ગાંધીનગર સ્થિત ટ્રાન્સપોર્ટ કમિશનરેટ (વડી કચેરી) ખાતે મોકલશે, જ્યાંથી ક્લાર્ક સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી થવાની પૂરી શક્યતા છે.

# સુરત કતારગામ વેડરોડ ખાતે થનગનાટ ગરબા ગ્રુપ દ્વારા ભવ્ય પ્રી-નવરાત્રી ૨૦૨૬નું આયોજન

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતના કતારગામ વેડરોડ ખાતે આવેલા શ્રીજી ફાર્મમાં થનગનાટ ગરબા ગ્રુપ દ્વારા ભવ્ય પ્રી-નવરાત્રી ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીના પર્વના આગમનને આવકારવા યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગરબાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આયોજકો વિકી રાણા અને કેવિન માનિયા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓએ ગરબાના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. સંગીતના તાલ, રંગબેરંગી લાઈટિંગ અને ગરબાના ઉત્સાહથી સમગ્ર શ્રીજી ફાર્મ ખાતે ઉત્સવમય માહોલ છવાઈ ગયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સિંગર હેતલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના સંગીતમય પ્રસ્તુતિથી ગરબાપ્રેમીઓમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો અને ખેલૈયાઓએ મન મૂકીને ગરબાની મોજ માણી હતી.પ્રી-નવરાત્રી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો સહિત ગરબાપ્રેમીઓએ ભાગ લીધો હતો. પરંપરાગત ગરબા, સંગીત અને રંગબેરંગી માહોલ વચ્ચે સૌએ નવરાત્રીના પર્વનું આગોતરું સ્વાગત કર્યું હતું.થનગનાટ ગરબા ગ્રુપ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં પરંપરા, સંગીત અને મોજ-મસ્તીનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. ખેલૈયાઓના ઉત્સાહ અને ઉપસ્થિત લોકોની મોટી સંખ્યાને કારણે સમગ્ર કાર્યક્રમ યાદગાર બન્યો હતો.














This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.